# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૬ • અંક ૬ • સળંગ અંક ૬૪ • મુંબઈ • માર્ચ, ૨૦૧૨ • પાના ૧૬ • છૂટક નકલ રૂા. ૨/–

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર



ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com


## પ્રમુખસ્થાનેથી...

**સ્નેહી સ્વજન,**

**જય જિનેન્દ્ર !**

શ્રી પાટણ જૈન મંડળની વ્યવસ્થાપક સમિતિના ૨૫ સભ્યોની ત્રિવાર્ષિક ચુંટણીમાં સમાજે ઉત્સાહભેર રસ લીધો. આ વખતે મતદાતાઓનું પ્રમાણ ગત ચુંટણી કરતાં બમણું હતું. તેમાં પણ યુવા સભ્યો સવિશેષ હતા. ચુંટણીમાં ઉદ્દભવેલ મુદ્દાઓ-પ્રશ્નો પર સહેજ પણ વિચલિત થયા વિના મંડળની નિષ્ઠા ઉપર વિશ્વાસ મુકયો છે, જે અનન્ય છે. નવનિર્વાચિત ૨૫ સભ્યોને નવી વ્યવસ્થાપક સમિતિમાં આવકારી તેમને હાર્દિક અભિનંદન પાઠવું છું. આમ આગામી ત્રણ વર્ષ માટે નવી વ્યવસ્થાપક સમિતિની રચનાનું કાર્ય સંપન્ન થયું છે. હવે પ્રમુખ, ટ્રસ્ટબૉર્ડ અને હોદ્દેદારોની નિમણૂક કરવાની રહેશે. વર્તમાન પરિસ્થિતિમાં સમાજ અને સંસ્થા પ્રત્યેની આપણી જવાબદારી ખુબ વધી જાય છે.

શિક્ષણ પ્રસારના મુખ્ય ધ્યેય સાથે મંડળની સ્થાપના થઈ હતી. ૧૦૦ વર્ષની તેની યાત્રા દરમ્યાન સમાજને સુવિકસિત, પ્રગતિશીલ અને સંગઠીત રાખવાના તેના પ્રયાસોમાં સખી દાતાઓ અને કાર્યકરોએ આદરેલ મહાભિયોગ ખરેખર પ્રસંશનીય-અભિનંદનીય નહિ પણ વંદનીય છે.

**પ્રગતિની પગથાર** પર દૃષ્ટિ કરતા જણાશે કે, ગત ત્રણ વર્ષ દરમ્યાન સમાજમાંથી સમાજ વિકાસ ફંડ, રિવોલ્વીંગ (શિક્ષણ) ફંડ, મેમોરીયલ ફંડ તથા લેન્ડ એન્ડ બિલ્ડીંગ ફંડ અંતર્ગત દાનના વિવિધ સ્ત્રોત સાથે મંડળે સહાયનો સ્ત્રોત ક્રમશઃ વધારી સમાજના સભ્યોને સહાયભુત થવાના વધુને વધુ પ્રયત્નો કર્યા છે. મંડળને વારસદાર બનાવતા મેમોરીયલ ફંડ અંતર્ગત વિલ દ્વારા અંદાજે રૂા.૮ કરોડ તથા લેન્ડ એન્ડ બિલ્ડીંગ ફંડ અંતર્ગત રૂા.૨ કરોડ કોમ્યુનિટી હોલ માટે સંસ્થાને પ્રાપ્ત થશે, તેનાથી આપ સૌ વિદિત છો જ. પ્રતિબિંબ તથા વિવિધ પરિપત્રો અને લખાણો દ્વારા અનેકવિધ પ્રવૃત્તિઓ માટે કોરપસની રકમ સતત વધતી રહી છે.

## શતાબ્દી વર્ષે પ્રગતિને પંથે...

ફેબ્રુઆરી અને માર્ચ માસ દરમ્યાન રૂપિયા દસ લાખ **ડૉ. મહેન્દ્રભાઈ ચંદુલાલ શાહ** તથા **ડૉ.(શ્રીમતી) લીલાબેન એમ. શાહ** (અમેરીકા) (લખીયારવાડો) તરફથી તથા પાંચ લાખ **શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ પોપટલાલ શાહ પરિવાર** (કુંભારીયા પાડો) તરફથી રીવોલ્વીંગ (એજયુકેશન) ફંડ ખાતે, **પનાલાલ પુનમચંદ ચેરીટેબલ ટ્રસ્ટ, બાબુ જીવણલાલ પનાલાલ ટ્રસ્ટ,** તેમજ **બાબુસાહેબ નાનકચંદજી પૂરણચંદજી ટ્રસ્ટ** (ખજુરીનો પાડો) તરફથી શિક્ષણ, દવા અને આર્થિક સહાય ખાતે કુલ રૂપિયા છ લાખ ઉપરાંત **શ્રીમતી મોતીબેન લક્ષ્મીચંદ ખેમચંદ શાહ પરિવાર** (મારફતીયા મહેતાનો પાડો) તરફથી શિક્ષણ સહાય કોરપસ ફંડ ખાતે રૂપિયા ત્રણ લાખ પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત **શ્રીમતી કુસુમબેન રસિકલાલ હિંમતલાલ શાહ** (ડંક મહેતાનો પાડો) ટ્યુટોરિયલ ક્લાસ શિક્ષણ સહાય નિધિ અંતર્ગત રૂપિયા બે લાખ પ્રાપ્ત થયેલ છે. **શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી** તરફથી સમાજ વિકાસ ફંડ ખાતે રૂા. બે લાખ પ્રાપ્ત થયેલ છે. અવિરત દાનગંગાનો પ્રવાહ વહેવડાવનાર સર્વે દાતાઓનો સંસ્થા આભાર માને છે..

### પ્રગતિની પગથારે એક દૃષ્ટિ : (તા.૧૫-૦૩-૨૦૧૨ સુધી)

| મંડળનું ભંડોળ | ૨૦૦૮-૦૯ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ |
|---|---|---|---|---|
| કોરપસ, અંકિત અને અન્ય ફંડ (કરોડમાં) | ૯.૬૬ | ૧૦.૮૪ | ૧૨.૧૩ | ૧૩.૦૦ |
| શિક્ષણ, દવા, આર્થિક તથા વિકલાંગ ઉત્કર્ષ સહાય (કરોડમાં) | ૦.૭૮ | ૧.૦૭ | ૧.૨૮ | ૧.૩૦ |
| શૈક્ષણિક લોન (લાખમાં) | ૨.૪૦ | ૨.૩૫ | ૧૦.૧૦ | ૧૬.૧૫ |

સ્પષ્ટ, સ્વચ્છ અને પારદર્શક દૃષ્ટિ અને સહજ, સ્વાભાવિક અને ઔચિત્યભરી બુધ્ધિમત્તાના સમર્થ સેતુ વિવેક, વાણી અને વર્તનથી ઉભર્યા વગર રહેતા નથી. પરિણામલક્ષી કાર્યોની સફળતા જ સમાજની આભા અને શોભા જાળવી તેમજ વધારી શકે છે. ઘટનાઓનું અવલોકન અને અભ્યાસ આપણને ઘણું બધુ શીખવી જાય છે. વાણીમાં મનની પ્રતિષ્ઠા અને મનમાં વાણીની પ્રતિષ્ઠા આવશ્યક છે. કારણ કે અહમ્ અને આંટીઘૂંટી જીવનમાંથી માણસાઈનો છેદ કરે છે, જે કોઈપણ સંસ્થા કે સમાજ માટે લાલબત્તી સમાન છે.

વર્ષ ૨૦૧૧ ના સંપૂર્ણ વર્ષ દરમ્યાન મરીન ડ્રાઈવના મકાન નં.૨ અને મકાન નં.૩ ના પ્રશ્નોમાં આપણે ગુંચવાતા રહ્યા. હકીકતમાં મુખ્ય સમસ્યા પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે તેની સાથે ન સંકળાયેલી બાબતોમાં વણજોયતા વિચારોની અંધાધુંધીના ક્રોસ રોડ પર આપણા અમૂલ્ય સમય અને શકિતનો વ્યય થયો. ઉકત બાબતે સમસ્યાના ઉકેલ માટે વિચારવિમર્શ દ્વારા પરસ્પર સહકારથી ધૈર્યપૂર્વક વ્યવહારિક ઉકેલ લાવી શકાશે તેવો વિશ્વાસ છે.

મંડળની ઉમદા અને પારદર્શક પ્રણાલિકા અને ગતિવિધિને ખેલદિલીપૂર્વક બદલાતા સમય, સંજોગ અને સમીકરણો સાથે આપણા સૌના એકત્ર પ્રયાસ દ્વારા Dream impossible ને Dream Shall come true પુરવાર કરવા પ્રતિબધ્ધ બનવું પડશે. સમાજની જરૂરિયાત અનુસાર કોમ્યુનિટી હોલ, અતિથિગૃહ, શાળા, કોલેજ, હોસ્પીટલ વિગેરે અસ્કયામતો માટે લાંબા ગાળાના આયોજનોના પ્રયત્નો કરવાના રહેશે.

**આવો મિત્રો સમાજ અને સંસ્થાના ભવિષ્યને ફરજના તાણાવાણાથી વણી પ્રતિકાત્મક રીતે નવા સીમાચિન્હો પ્રસ્થાપિત કરવા સંઘબળ સાથે આપણામાં રહેલ સામર્થ્ય અને કૌશલ્યનો ઉપયોગ કરીએ.**

આભાર...

**❑ ભરત દલપતભાઈ શાહ**
**ઉપપ્રમુખ, શ્રી પાટણ જૈન મંડળ**

## શ્રી પાટણ જૈન મંડળ શતાબ્દી વર્ષે

### પ્રોગ્રામ સમિતિ આયોજિત

## શ્રીમતી કમળાબેન પ્રેમચંદ નગીનદાસ તેલીયાવાળા પ્રેરિત

## રજત જયંતી સમૂહ લગ્નોત્સવ

શતાબ્દી વર્ષમાં પ્રવેશી ચૂકેલ શ્રી પાટણ જૈન મંડળે વિકાસની વિસ્તરતી ક્ષિતિજો સાથે અનેકવિધ ક્ષેત્રોએ પ્રગતિની હરણફાળ ભરી છે. બદલાતી આર્થિક વિટંબણાઓને લક્ષમાં રાખી, સંસ્થા શિક્ષણ સહાય, વૈદકિય સહાય, સમાજ ઉત્કર્ષ, વિકલાંગ ઉત્કર્ષ, સિનિયર સિટિઝન સહાય વિગેરે અનેક ક્ષેત્રોમાં અદ્ભુત અને અનન્ય કાર્ય કરી રહી છે. **સમાજનો પ્રત્યેક બાળક ઉત્કૃષ્ટ સંસ્કાર સિંચન દ્વારા ભવિષ્યનો શ્રેષ્ઠ નાગરિક બને એ જ સંસ્થાનું સ્વપ્ન છે.** આ સઘળી પ્રવૃત્તિઓ માટે સંસ્થાએ સમાજ વિકાસ ફંડ, રિવોલ્વિંગ ફંડ, મેમોરિયલ ફંડ, લેન્ડ એન્ડ બિલ્ડિંગ ફંડ વિગેરે ચાલુ કર્યા છે જેમાં દાતાઓ તરફથી બહુમૂલ્ય પ્રતિસાદ અવિરત સાંપડી રહ્યો છે. તેની સાથે સમાજલક્ષી અને પરિણામલક્ષી સહાયનો સ્રોત પણ સતત વધ્યો છે.

સંસ્થા પાસે કાર્યકરોનો વિશાળ અને ઉત્સાહી સમૂહ, તન, મન અને ધનથી સેવા આપનાર નિસ્પૃહી દાતાગણ, ટ્રસ્ટી મંડળ તથા પ્રત્યેક આયોજનોને પારદર્શિતાથી ઓપ આપી સફળતાના શિખરો સર કરનાર સંસ્થાના કર્મચારીગણ આ સૌ પ્રેરણા સ્રોત બની રહ્યા છે. **સખાવતોના નવા કીર્તિમાન સ્થાપવા અને માનવતાના મૂલ્યોનું જતન કરવા એકમેકના હમકદમ બની શતાબ્દી વર્ષના ઉજ્વળ પ્રભાતના ઓવારણા લેવા કટિબદ્ધ બન્યા છે.**

અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે સંસ્થા સમૂહલગ્નનું આયોજન પણ કરે છે. પ્રેરકદાતા **શ્રીમતી કમળાબેન પ્રેમચંદ નગીનદાસ તેલીયાવાળા સમૂહલગ્ન સમારોહ ફંડ અંતર્ગત** માર્ચ માસની ૧૮મી તારીખ ને રવિવારે આઈ.બી.પટેલ હાઈસ્કૂલ (ગોરેગામ) ખાતે આયોજન કરાયેલ સમૂહલગ્નમાં સમાજના સાત યુગલ લગ્નગ્રંથિથી જોડાઈ પ્રભૂતામાં પગલાં માંડશે.

**શ્રી પાટણ જૈન મંડળની પ્રોગ્રામ સમિતિ** દ્વારા આયોજાયેલ આ સમૂહલગ્નનું મહત્ત્વ સવિશેષ એટલા માટે છે કે સંસ્થા શતાબ્દી વર્ષમાં પ્રવેશી ચૂકી છે અને આ સમૂહ લગ્ન **રજત જયંતી સમારોહ** થવા જઈ રહ્યો છે. દાતા પરિવારના **શ્રી પ્રમોદભાઈ પ્રેમચંદ તેલીયાવાળા** તથા **શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહ** અંગત રસ લઈ સમારોહની ગતિવિધિ અને આયોજનમાં લક્ષ આપી રહ્યા છે. પ્રભુતામાં પગલાં પાડતા સાત યુગલોના હર્યાભર્યા દાંપત્ય જીવનની અપેક્ષાઓને તેઓ પરિપૂર્ણ કરવા સંસ્થા સાથે ખભેખભા મિલાવી સલાહ-સૂચન આપતા રહે છે. પ્રેરકદાતાશ્રીની પ્રેરણાથી અત્યાર સુધી **સમાજના ૧૬૩ યુગલોએ સમૂહલગ્ન દ્વારા પ્રભુતામાં પગલાં પાડ્યાં છે.**

સંસ્થાના હોદ્દેદારો, પ્રોગ્રામ સમિતિના મંત્રીઓ, કાર્યકરો તથા કાર્યાલયના સમર્પિત કર્મચારીગણ તથા ગોરેગામ મિત્ર મંડળનો સુંદર ને સક્રિય સહયોગ પ્રાપ્ત થઈ રહ્યો છે.

**❑ શ્રી પાટણ જૈન મંડળ**

## તંત્રીસ્થાનેથી...

# 'વંદે વીરમ્'

# વીર ઝુલે...ત્રિશલા ઝુલાવે...

ચૈત્ર મહિનામાં આંબાની ડાળ પર મંજરીઓ મહોરી ઊઠે છે. કોયલનો મીઠો ટહુકાર સંભળાય છે ત્યારે પ્રભુ **શ્રી મહાવીર સ્વામીનો જન્મ, શ્રી રામનો જન્મ અને શ્રી નવપદજીની શાશ્વતી ઓળી**ના પર્વો આવી રહ્યા છે.

વિશ્વમાં ફેલાયેલાં અંધકારને દૂર કરનારા અને મોક્ષનો માર્ગ જગતના લોકોને બતાવનારા કરૂણાસાગર વિશ્વ વત્સલ એવા **પ્રભુ મહાવીર સ્વામીનો જન્મ ચૈત્ર સુદ ૧૩ની મધ્યરાત્રિએ ક્ષત્રિયકુંડમાં આજથી બરાબર ૨૬૧૧ વર્ષ પૂર્વે થયો. પ્રભુ મહાવીરને સમસ્ત જૈનો વર્ષમાં ત્રણ વાર વિશેષ પ્રકારે યાદ કરે છે. ચૈત્ર સુદ ૧૩, પર્યુષણ પર્વમાં તેમના જન્મ વાંચન સમયે, ત્રિશલા માતાને આવેલા ૧૪ સ્વપ્નોના દર્શન કરીને, અને દિવાળીમાં તેમના નિર્વાણ કલ્યામક સમયે.** આ પર્વોના દિવસે ખૂબ જ ઉત્સાહ-ઉમંગભેર તેમના પ્રસંગોની ઉજવણી કરવામાં આવે છે.

માતાના મધુર કંઠેથી મીઠાં મીઠાં હાલરડાં સાંભળતા, સાંભળતા સોનાના પારણે ઝુલતા હીરા-રૂપાની દોરીએ હિંચતા **બાળકુંવર વર્ધમાન સમય જતાં વીર બની મહાવીર બને છે. મહાવીરમાંથી તેમની જીવનયાત્રાના વિકાસથી મહામાનવ બની વિશ્વવત્સલ** તરીકે આપણી વચ્ચે છે. વર્તમાન કાળે તેમનું શાસન ચાલી રહ્યું છે. તેથી જ ચારે તરફ, ચારે દિશાઓમાં **'જૈનમ્ જયતી શાસનમ્'**નો નાદ ગૂંજી રહ્યો છે. પ્રભુના **૨૭ ભવો** સાથેની **જીવનયાત્રા જ એક વિશિષ્ટતા છે. 'અહિંસા', અપરિગ્રહ અને અનેકાંતવાદ, અસ્તેય, સત્ય'ના સિદ્ધાંતો જગતને આપીને 'તિન્નાણં તારયાણં'–જગતના તારણહાર છે.**

પરંતુ વાસ્તવિકતા એ છે કે પશ્ચિમની સંસ્કૃતિના પ્રભાવ હેઠળ રહેતાં આપણાં સૌનાં જીવનમૂલ્યો બદલાઈ ગયા છે. તેમના સિદ્ધાંતો પણ ખોવાઈ ગયા છે. **'અહિંસા પરમો ધર્મ'**, **'જીવો અને જીવવા દો'** સૂત્ર પણ ભૂલાઈ ગયા છે કેમ કે મહાવીરે બતાવેલી **`Art of Living' ની સમજને આપણે હજુ સુધી સમજી શક્યા નથી.** તેનું સાચું કારણ એ જ છે કે **આપણે મહાવીરને જાણી શક્યા નથી, જો જાણી શક્યા છીએ તો તેમના વચનોને માન આપવાની તૈયારી નથી.**

ભગવાને કહ્યું છે કે: 'હે મનુષ્યો! તમે સૌ પંથ, ગચ્છ, સંપ્રદાયના બંધનોમાંથી બહાર નીકળી એક થાવ. **મોક્ષ ધર્મ કરતાં વિશેષ જીવનધર્મ છે.** તેનું પાલન બરાબર કરો. માણસનો માણસ તરીકે વિચાર કરવાનો અને માણસનો ગુણથી વિચાર કરી, તેની માણસાઈનો પરિચય આપનાર ભગવાન મહાવીર પ્રથમ છે. સ્ત્રીઓને સૌથી વધુ અધિકાર આપ્યો છે. સ્ત્રીનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે. ધર્મ પણ સ્ત્રીઓ થકી જ ટકી રહે છે. સ્ત્રીઓ જ માતા સ્વરૂપે નાનપણથી જ પોતાના સંતાનોમાં સંસ્કારરૂપી ધર્મનું સિંચન કરે છે. મોક્ષપદને પામવાની તેની પાસે પણ ક્ષમતા છે.

માત્ર ક્રિયાકાંડ કરવાથી જ મહાવીરના અનુયાયી નથી બની શકાતું. **મહાવીરની સમજ, મહાવીરની કરૂણા, મહાવીરની અહિંસા અને મહાવીરનો પ્રેમ** જીવનમાં ઉતારવાના પ્રયત્નો કરવા સાથે દરેકે દરેક **વ્યક્તિ માત્ર અંતરાત્માથી ચિંતન-મનન કરતાં પરમાત્મા સુધીની યાત્રા કરી શકે છે.**

આ માસ પૂર્ણ થતાં જ **વૈશાખ સુદ ૧૧** આવે છે. આ દિવસે પ્રભુ મહાવીરના જીવનની અદ્‌ભૂત ઘટના બની હતી. અહિંસા, અનેકાંતવાદ વિગેરેથી પ્રભાવિત થઈને ૪૪૧૧ જેટલાં આત્માઓએ પરમાત્મા પાસે દીક્ષા લીધી હતી. ગૌતમ સ્વામી પોતાના બંધુઓ સાથે વાદ-વિવાદ કરવા પધાર્યા હતા. ભગવાન સર્વજ્ઞ હોવાથી ગૌતમના આવવાનું કારણ અને તેમના હૃદયમાં રહેલી જીજ્ઞાસાને અને શંકાને જાણતા હતા. તે સમયનો એ વાદ-વિવાદ ન રહેતા એક સંવાદ બની ગયો. ગૌતમે પ્રભુનું શરણું સ્વીકારી લીધું. તે જ ક્ષણથી તેઓ પણ ગૌતમ નામથી વ્હાલાં પ્રભુના **ગોયમ** બની ગયા. જૈન શાસનમાં તે દિવસ **ગણધરવાદ**ના નામથી પવિત્ર બન્યો.

**મહાવીરે આપણી માતા બનીને આ સૃષ્ટિને ભરપૂર વાત્સલ્ય આપ્યું. સૃષ્ટિમાં એવી કોઈ માતા નથી જે મહાવીર જેવું વાત્સલ્ય પ્રદાન કરી શકે. તેમણે એવો વાત્સલ્યનો ધોધ વહેવડાવ્યો કે ૨૬૧૧ વર્ષ પહેલાંનું વાત્સલ્ય આજે પણ સૃષ્ટિને મળતું રહે છે.**

આવા મહાન **ઉપકારી પ્રભુ મહાવીરના ચરણોમાં કોટિ કોટિ વંદન.**
**'જૈનમ્ જયતિ શાસનમ્'**

**❑ શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ**
**❑ શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ** (ગુંદરવાલા)
**માનદમંત્રીઓ, સંપાદક સમિતિ**

### મહિલા દિન નિમિત્તે પુત્રવધૂને સંવેદનાત્મક પત્ર...

**વહુબેટા!**
*પિયરની વાટ મૂકી, આવી તું મુજ ઘેર,*
*પારકાંને કર્યા પોતીકાં પૂરાં પ્રેમથી*
*સાસુ તરીકે જન્મ થયો. મારો તે દિવસથી*
*વહુ તરીકે જન્મ થયો, તારો મારી સાથે..*
*ચૌદ વર્ષનાં વહાણાં વાયા. કદી ન પડી તું મુજથી અળગી*
*મારું જીવન છે ખુલ્લી કિતાબ મેં તને માની મારી દીકરી...*
*સાચું ખોટું કદીએ ન કર્યું મે, મનમાં કોઈ વાત ન રાખી છાની*
*ખૂબ વહાલ કર્યું છે મેં તને ઘરની રાણી તને બનાવી...*
*હું બની નિશ્ચિંત*
*મુજ જીવનને તે ભર્યું ભર્યું બનાવ્યું... મુજ કુટુંબને આપી વારસદાર*
*ગુંજી ઉઠ્યું ઘર મારું કિલબિલાટથી*
*તોફાની ને નટખટ એવી મારી લાડકી*
*પરેશાન કરે મને, તો યે લાગે મીઠડી...*
*હર્યું ભર્યું લાગે તારાથી મુજ ઘર, તું જાય પિયર તો લાગે મને સૂનું.*
*ક્યારેક મેં તને કાંઈક કહ્યું હશે તો*
*દરગુજર કરજે મને, તારી સાચી માતા માની*
*હવે તું જ મારી વહુ નથી તું છે મારી દિકરી...*

**❑ બીબીશા**

**સમાજને ઉચ્ચશિક્ષિત, સંપન્ન અને નિરામય બનાવવા સમર્પિત મંડળનું ગૌરવશાળી શતાબ્દી વર્ષ**

# શ્રી પાટણ જૈન મંડળ વ્યવસ્થાપક સમિતીની ત્રિવાર્ષિક ચૂંટણીનો અહેવાલ

સને ૨૦૧૨-૧૩, ૨૦૧૩-૧૪ તથા સને ૧૪-૧૫ માટે વ્યવસ્થાપક સમિતિની ત્રિવાર્ષિક ચૂંટણી રવિવાર તા. ૪-૩-૨૦૧૨ના રોજ આનંદ ઉલ્લાસ સાથે પરિપૂર્ણ થઈ. કુલ મતદાર ૪૨૯૦ માંથી ૨૭૪૪ મતપત્રકો આવ્યા. જેમાંથી ૮૬ મત પત્રકો રદ થતાં ૨૬૫૮ મત પત્રકોની ગણતરી કરવામાં આવી. જેથી ૬૩.૯૬ ટકા મતદાન થયું.

શતાબ્દી વર્ષમાં પ્રવેશેલ શ્રી પાટણ જૈન મંડળના સમય કાળમાં પ્રથમ વખત જ **વ્યવસ્થાપક સમિતિની ચૂંટણીમાં ૪૫ સભ્યોની ઉમેદવારીથી ઇતિહાસ રચાયો હતો.** ઉચ્ચ ટકાવારીના મતદાને બતાવી આપ્યું હતું કે સમાજ પ્રગતિ તરફ પ્રયાણ કરવામાં સતત જાગૃત રહ્યો છે. ગત વર્ષ કરતાં આ વર્ષે સભ્યોની સંખ્યા લગભગ બમણી હતી. મત ગણતરી વધુ પ્રમાણમાં રહે તે સ્વાભાવિક છે. મત ગણતરી તે જ દિવસે સાંજે ૫-૩૦ કલાકે શરૂ કરવામાં આવી હતી જેનું પરિણામ મધ્યરાત્રિએ ૨-૩૦ કલાકે જાહેર કરવામાં આવ્યું હતું. લોકોની આતુરતાનો અંત આવ્યો હતો.

ત્રણ મુખ્ય નિરિક્ષકો સાથે બેતાલીસ અન્ય સભ્યોની ટીમે સખત પરિશ્રમ લઈ મતગણતરી અને પરિણામો તૈયાર કર્યા હતા. અનુભવની એરણ પર ઘડાયેલા મંડળના **મેનેજર શ્રી જોષીભાઈ**ના નેતૃત્વ હેઠળ સમગ્ર કાર્યાલયના કર્મચારીઓએ પણ અપૂર્વ સાથ અને સહકાર આપ્યો હતો જે અભિનંદનીય છે. સંસ્થા સૌનો આભાર માને છે.

આ વખતે કુલ્લે નીચે મુજબના સાત મતદાન કેન્દ્રોમાં આઠ બુથ રાખવામાં આવ્યા હતા.

મરીન ડ્રાઈવ-૨, ચોપાટી-૧, ગોરેગામ-૧, તારદેવ-૧, કાંદિવલી-૧, વિલેપાર્લા-૧, બોરીવલી-૧.

ચૂંટણીમાં ઉમેદવારી કરનાર ઉમેદવારો તેમના પરિવારના સભ્યો, મિત્રો તથા સમાજના લોકો દ્વારા અનન્ય ઉત્સાહ દાખવવામાં આવ્યો હતો. તમામ મતદાન કેન્દ્રો પર શાંતિમય અને ઉલ્લાસપૂર્વક મતદાન થયું હતું.

## રવિવાર, તા.૦૪-૦૩-૨૦૧૨ સંપન્ન થયેલ વ્યવસ્થાપક સમિતિના ૨૫ સભ્યોની ચુંટણીમાં ઉમેદવારોને મળેલ મતોની વિગત

| ક્રમ | નામ | રહેઠાણ | મહોલ્લો | મળેલ મત |
|---|---|---|---|---|
| ૧ | કમલેશ ચંપકલાલ શાહ (ડાયરેકટર) | મરીન ડ્રાઈવ | મણીયાતી પાડો | ૧૮૩૪ |
| ૨ | ભારતીબેન ભગુભાઈ શાહ | વિલેપાર્લે | કનાસાનો પાડો | ૧૮૨૮ |
| ૩ | મહેન્દ્ર નેમચંદ શાહ (ગુંદરવાલા) | નેપીયન્સી રોડ | વાસુપૂજયની શેરી | ૧૮૦૩ |
| ૪ | ભરત સારાભાઈ શાહ | ચોપાટી | તંબોલીવાડો | ૧૭૫૨ |
| ૫ | પ્રવીણચંદ્ર નવીનચંદ્ર શાહ (પી.એન) | કાંદીવલી | મલ્લાતનો પાડો | ૧૭૨૫ |
| ૬ | દિપકભાઈ પ્રેમચંદ શાહ | ચોપાટી | ઢંઢેરવાડો | ૧૭૨૦ |
| ૭ | પરેશ અમૃતલાલ શાહ | વિલેપાર્લે | મારફતીયા મહેતાનો પાડો | ૧૭૧૦ |
| ૮ | પુનીત સૂર્યકાંત શાહ | મરીન ડ્રાઈવ | વખતજીની શેરી | ૧૬૯૮ |
| ૯ | જીમ્મી તરંગ શાહ | ગોરેગામ | કુંભારીયા પાડો | ૧૬૯૬ |
| ૯ | રાજેશ ચીમનલાલ શાહ (સી.એ.) | ઝવેરી બજાર | મહાલક્ષ્મી માતાનો પાડો | ૧૬૯૬ |
| ૧૧ | વિક્રમ સારાભાઈ શાહ | ગોરેગામ | તંબોલીવાડો | ૧૬૮૮ |
| ૧૨ | નિલય દાનેશભાઈ શાહ | વિલેપાર્લે | પડી ગુંદીનો પાડો | ૧૬૮૫ |
| ૧૩ | નિતીનભાઈ રમણલાલ પટણી | લુહારચાલ | મનમોહનજીની શેરી | ૧૬૭૩ |
| ૧૪ | અમિષ દેવેન્દ્ર પટણી (સી.એ.) | મરીન ડ્રાઈવ | લીમડીનો પાડો | ૧૬૬૧ |
| ૧૫ | સંજય વિનોદચંદ્ર ચુડઘર | વિલેપાર્લે | ચોધરીની શેરી | ૧૫૯૭ |
| ૧૬ | સંજય કીર્તિલાલ શાહ | ગોરેગામ | કોકાનો પાડો | ૧૫૯૪ |
| ૧૭ | નિશા દીપેશ શાહ | ગોવાલીયા ટેન્ક | ખેતરવસી | ૧૫૮૩ |
| ૧૮ | તુષાર જીતેન્દ્ર (નાનુભાઈ) શાહ | મરીન ડ્રાઈવ | ખજુરીનો પાડો | ૧૫૫૫ |
| ૧૯ | નિલેશ કાંતિલાલ શાહ | ભાયંદર | ખડાખોટડીનો પાડો | ૧૫૫૪ |
| ૨૦ | અમીત હેમેન્દ્ર શાહ (સી.એ.) | મરીન ડ્રાઈવ | મારફતીયા મહેતાનો પાડો | ૧૫૪૯ |
| ૨૦ | રાજીવ કેશરીચંદ શાહ | મરીન ડ્રાઈવ | બ્રાહ્મણવાડો | ૧૫૪૯ |
| ૨૨ | પ્રદીપ જશવંતલાલ શાહ | ગોરેગામ | મારફતીયા મહેતાનો પાડો | ૧૫૩૬ |

**સમાજને ઉચ્ચશિક્ષિત, સંપન્ન અને નિરામય બનાવવા સમર્પિત મંડળનું ગૌરવશાળી શતાબ્દી વર્ષ**

| ક્રમ | નામ | રહેઠાણ | મહોલ્લો | મળેલ મત |
|---|---|---|---|---|
| ૨૩ | વિક્રમ હરગોવિંદદાસ શાહ | સાંતાક્રુઝ | વસાવાડો | ૧૫૩૧ |
| ૨૪ | બકુલેશ હિંમતલાલ શાહ | ચોપાટી | મારફતીયા મહેતાનો પાડો | ૧૫૩૦ |
| ૨૫ | મોના વિમલેશ શાહ | .અંધેરી | વખતજીની શેરી | ૧૫૨૧ |
| ૨૬ | હીના ચેતન શાહ | મરીન ડ્રાઈવ | ડંક મહેતાનો પાડો | ૧૫૨૧ |
| ૨૭ | કિંજલ હર્ષદ શાહ | કાલબાદેવી | ખેજડાનો પાડો | ૧૫૧૧ |
| ૨૮ | રાજેશ પ્રેમચંદ શાહ | મરીન ડ્રાઈવ | મારફતીયા મહેતાનો પાડો | ૧૪૯૨ |
| ૨૯ | શાહ મહેન્દ્રકુમાર કાંતીલાલ મશરૂવાલા | વસઈ | કુંભારીયા પાડો | ૧૪૭૮ |
| ૩૦ | સ્વાતી લલીતચંદ્ર કાપડીયા | મરીન ડ્રાઈવ | ડંક મહેતાનો પાડો | ૧૪૪૦ |
| ૩૧ | નીમેશ જીવણલાલ શાહ | તારદેવ | ઝવેરીવાડો | ૧૩૭૪ |
| ૩૨ | સેજલ સંજય શાહ | મરીન ડ્રાઈવ | વખતજીની શેરી | ૧૨૬૯ |
| ૩૩ | બીજલ મહેન્દ્ર શાહ | મરીન ડ્રાઈવ | મારફતીયા મહેતાનો પાડો | ૧૨૫૪ |
| ૩૪ | ઉર્મીલ રાજેન્દ્ર શાહ | મરીન ડ્રાઈવ | ભાભાનો પાડો | ૧૨૫૦ |
| ૩૫ | કુમારપાળ વિનોદચંદ્ર શાહ | મરીન ડ્રાઈવ | કનાસાનો પાડો | ૧૨૫૦ |
| ૩૬ | મુકેશ લલીતકુમાર શાહ (એમ.એલ.) | મરીન ડ્રાઈવ | કોકાનો પાડો | ૧૨૨૨ |
| ૩૭ | કિરીટ સેવંતીલાલ શાહ | મરીન ડ્રાઈવ | ડંક મહેતાનો પાડો | ૧૨૦૮ |
| ૩૮ | પલ્લવ મહેન્દ્રભાઈ શાહ | મરીન ડ્રાઈવ | ચોધરીની શેરી | ૧૧૬૭ |
| ૩૯ | હેતલ નીતીનકુમાર શાહ | મરીન ડ્રાઈવ | ઢંઢેરવાડો | ૧૧૫૯ |
| ૪૦ | શાહ નરેન્દ્ર બાબુલાલ (મામા) | મરીન ડ્રાઈવ | તંબોલીવાડો | ૧૧૨૦ |
| ૪૧ | વિનીત નવીનચંદ્ર શાહ | મરીન ડ્રાઈવ | કોકાનો પાડો | ૧૧૧૪ |
| ૪૨ | પ્રમોદકુમાર માણેકલાલ શાહ | મરીન ડ્રાઈવ | મનમોહનજીની શેરી | ૧૦૯૯ |
| ૪૩ | વર્ષા જયરાજ શાહ | મરીન ડ્રાઈવ | પોળની શેરી | ૧૦૯૫ |
| ૪૪ | નિખિલભાઈ પ્રેમચંદ શાહ | મરીન ડ્રાઈવ | કોકાનો પાડો | ૧૦૯૨ |
| ૪૫ | પૂર્વેશ ભદ્રેન્દ્ર મણિયાર | મરીન ડ્રાઈવ | ચોધરીની શેરી | ૧૦૬૭ |

**ક્રમાનુસાર ૧ થી ૨૫ સુધીના ઉમેદવારોને ચુંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.**

ક્રમાંક પચ્ચીસ તથા છવ્વીસને એકસરખા મત મળતાં, મંડળના બંધારણ અને ધારાધોરણ મુજબ ચીઠ્ઠી નાખીને એકની પસંદગી કરવાની હતી. નિરીક્ષકો દ્વારા કાર્યવાહી હાથ ધરાતાં, શ્રીમતી મોનાબેન વિમલેશભાઈ શાહના નામની ચીઠ્ઠી નીકળતા, તેમને ૨૫ માં ક્રમાંકે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

**❑ શ્રી પાટણ જૈન મંડળ**


# PATAN CO-OP. BANK LTD.

Rasik Nivas, 75, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400 020. Tele. 22817444 / 22815290

E-mail : patanbank@yahoo.co.in ● Telefax : 22816513

**Financial position as on 31st March 2011 (Rs. In Lacs)**

| | | | |
|---|---|---|---|
| Share Capital | 261.95 | CRAR | 23.42% |
| Reserve Fund | 993.47 | Dividend (proposed) | 12.00% |
| Deposits | 6350.77 | Working capital | 7888.57 |
| Advances | 3170.04 | Net Profit | 74.53 |

**AUDIT CLASS ``A''**

- NO NEW NPA'S SINCE LAST 2 YEARS
- COURTEOUS STAFF AND EFFECTIVE SERVICES

**WE OFFER**

- 1% p.a. over rate of deposit on advances against deposit receipt for borrower OR third party
- Locker facility in both branches ● RTGS/NEFT tie-up Bank of Baroda ● Car loan@11% p.a.
- Housing Loan @ 11% -- upto Rs. 40.00 lacs ● LOAN AGAINST NSC / LIC POLICIES @ 11%
- Line of credit -- (Local/ foreign) facility withThe Saraswat Co-operative Bank Ltd.
- Deposit Interest @ 10% p.a. for 1125 days -- senior citizen/single deposit @ 10.25% over Rs 15 lacs
- NO TDS DEDUCTION FROM INTEREST PAID/PAYABLE TO THE MEMBERS.
- Extension counter at Nagdevi and branches at Marine Drive and Goregaon

**AS ALWAYS......................................WE ARE WITH YOU** (ADVT)


**સમાજને ઉચ્ચશિક્ષિત, સંપન્ન અને નિરામય બનાવવા સમર્પિત મંડળનું ગૌરવશાળી શતાબ્દી વર્ષ**

## આંખની કાળજી માટે સમય આપો

**બાળકો માટે સૂચના :-**

- બાળકને અણીદાર વસ્તુ રમવા ના આપો.
- ટી.વી., મોબાઈલ તથા વીડીયો ગેમ સતત ના રમવા દો.
- દસ ફુટ દુરથી ટી.વી. જોવું હિતાવહ છે.
- કેમિકલયુક્ત કલરથી દૂર રહો.
- દિવાળીમાં ફટાકડા જાતે ફોડવા ના દો.
- ૧ થી ૫ વર્ષના બાળકને આંખની તકલીફ હોય અને ઝાંખુ દેખાય તો ડૉક્ટરનો સંપર્ક કરો.
- સુતા-સુતા ના વાંચવું જોઈએ અને રાત્રે લાઈટ પાછળ આવે તે રીતે વાંચવું.
- કૉમ્પ્યુટરના સતત ઉપયોગ દરમ્યાન થોડો સમય આંખોને આરામ આપવો.
- નજીકના ચશ્મા હોય તો વાંચતી વખતે પહેરવા જરૂરી છે.
- દુરના નંબરના ચશ્મા હોય ટી.વી., સિનેમા જોતા ડ્રાઈવીંગ કરતા પહેરવા જરૂરી છે.
- ૪૦ વર્ષ પછી વર્ષમાં એકવાર આંખની તપાસ કરાવવી જોઈએ.
- મોતીયો, ઝામરપાણી સામાન્ય રીતે ૫૦ વર્ષ આસપાસ આવે છે. આંખે ઝાંખું દેખાય તો આંખના ડૉક્ટરનો સંપર્ક કરો.
- ડાયાબીટીસના પેશન્ટને દર વર્ષે રેટીના (આંખનો પડદો) તથા ઝામરનું ચેકઅપ કરાવવું હિતાવહ છે.
- સવાર-સાંજ ઠંડા-પાણીથી ૧૦ વાર આંખ ખુલી રાખી ધોવી.
- આંખમાં ઈન્ફેક્શન થાય તો માત્ર આંખના ડૉક્ટરની સલાહ લેવી.

**ચક્ષુદાન જનજાગૃતિ :-** આજે ૨૧ મી સદીમાં શિક્ષણનું પ્રમાણ વધવા છતાં ચક્ષુદાનની જરૂર છે તે કરતા ૫૦ ટકા ઓછું ચક્ષુદાન થાય છે.

**અંધકારથી પ્રકાશ તરફ :-**કોણ લઈ જશે તેમને અંધકારથી પ્રકાશ તરફ, સૃષ્ટિનો સર્જન કરતાં પણ તેને દૃષ્ટિ આપી શકતો નથી. પરંતુ આપણે ૨ અંધજનને ચક્ષુદાન કરી પ્રકાશ તરફ લઈ જઈ શકીએ છીએ.

**ચક્ષુદાન પ્રયત્નથી વધી શકે છે :-**(૧) સૌ પ્રથમ આપશ્રી ચક્ષુદાનનું મહત્ત્વ સમજી ચક્ષુદાનનો સંકલ્પ કરો. (૨) આવું કરતાં અંધશ્રદ્ધાળુ લોકોની વાતમાં ન આવવું. ચક્ષુદાન પરોપકારનું કામ હોવાથી ક્યારેય અધર્મ ના હોઈ શકે. (૩) હૉસ્પિટલમાં થતા સામાન્ય કે અકસ્માતથી થતા મૃત્યુ વખતે ફરજ પરના ડૉક્ટર તેના સગાને ચક્ષુદાનનું મહત્ત્વ સમજાવે અને તેના સગા સમજે તો ચક્ષુદાન વધી શકે. (૪) કોઈ વ્યક્તિના સગા પડોશી કે સમાજમા થતા મૃત્યુ વખતે હાજર સમાજ સેવક ઘરના વડીલને ચક્ષુદાનનું મહત્ત્વ સમજાવે અને તેના સગા એગ્રી થાય તો ચક્ષુદાન વધી શકે. **ઉપરોક્ત ૩ અને ૪ સમયે વાતાવરણ ખૂબ જ શોકમય હોય છે માટે ચક્ષુદાનની વિનંતી સાદી ભાષામાં હળવાશથી હકારાત્મક રીતે કરવી અને આગ્રહ ના કરવો.** (૫) ચક્ષુદાનનો સંકલ્પ ના કરેલ વ્યક્તિ ગમે તે સમયે પોતાની ઈચ્છા રજુ કરી શકે છે (૬) કોઈ વ્યક્તિના સ્વર્ગવાસ પછી તેના સગા પણ ચક્ષુદાનનો નિર્ણય કરી શકે.

**સત્યને સમજો સમાજના કોઈ કુટુંબમાં દૃષ્ટિહીન વ્યક્તિને દૃષ્ટિદાનથી દૃષ્ટિ મળે તો તે વ્યક્તિને અને તેના કુટુંબને કેટલો આનંદ થાય.**

**સંકલન :- સ્નેહદીપ** Care 4 eye selfless mission.

Feed back and suggestion. Care4handicape@yahoo.com

## શુભ વિવાહ

**સંવત ૨૦૬૮**

| તિથિ | વાર | તારીખ | વડીલ | પુત્ર/પુત્રી | મહોલ્લો |
|---|---|---|---|---|---|
| મહા વદ-૨ | શનિવાર, | તા. ૧૧-૦૨-૨૦૧૨ | શ્રી ગિરીશભાઈ શાંતિલાલ શાહ | ચિ. અંકુર | (-) |
| | | | શ્રી ભરતભાઈ કાંતિલાલ શાહ | ચિ. વિધિ | (કોકાનો પાડો) |
| ફાગણ સુદ-૪ | રવિવાર, | તા. ૨૬-૦૨-૨૦૧૨ | શ્રી રાજેન્દ્રભાઈ રસિકલાલ શાહ | ચિ. ભાવીશ | (ચોધરીની શેરી) |
| | | | શ્રી શરદભાઈ કંચનલાલ શાહ | ચિ. નેહા | (કોકાનોપાડો) |


### શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

## નૂતન સહાય યોજના

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- ● સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/- ● દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

● સૌજન્ય : **મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાું., મુંબઈ** ● (જા૪ખ)


**સમાજને ઉચ્ચશિક્ષિત, સંપન્ન અને નિરામય બનાવવા સમર્પિત મંડળનું ગૌરવશાળી શતાબ્દી વર્ષ**

## આદર્શ માનવનું નિર્માણ

### આત્મસંયમની શક્તિ

જ્યારે આપણે આપણી લાગણીઓને બેફામ રીતે છૂટી મૂકીએ છીએ, ત્યારે આપણે કેટલી બધી શક્તિ વેડફી નાંખીએ છીએ. મનની શાંતિનો ભંગ થાય છે અને પરિણામે કાંઈ જ કરી શકતા નથી. જ્યારે આપણું મન ખૂબ સ્વસ્થ અને શાંત હોય, ત્યારે જ સમગ્ર તાકાત સારું કાર્ય કરવામાં વાપરી શકાય. દુનિયામાં જે મહાન પુરુષો થઈ ગયા છે એમનું જીવન જોશો તો જણાશે કે તેઓના મન ગજબ શાંત અને સ્વસ્થ હતાં. કોઈપણ બાબત તેમનું સમતોલપણું ડગાવી શકતું ન હતું.

જે માણસ બહુ ક્રોધ કરે તે કોઈ મહાન કાર્ય કરી શકે નહીં. જે માણસ ક્રોધને વશમાં રાખે તે ઘણું કરી શકે. શાંત, ક્ષમાશીલ, સમતાવાળો હોય તે જ માણસ વધારેમાં વધારે કાર્ય કરી શકે છે.

જ્યારે આપણા મનમાં ક્રોધનો ભારે ઉછાળો આવે ત્યારે તેનો નિગ્રહ કરવા તેનાથી વિરોધી ભાવ રાખવો. પ્રેમ એ ગુસ્સાનો વિરોધાભાસ છે.

આદર્શ માનવી તો એ છે જે ખૂબ જ કામની ધમાલમાં પણ રણ પ્રદેશમાં હોય એવી નીરવતા અને શાંતિ અનુભવી શકે છે. એણે વૃત્તિઓનો નિષેધ કરવાની ચાવી હાથ કરી લીધી છે. તે પોતાની જાત ઉપર સંયમ કેળવી શક્યો છે. કર્મયોગનો આ જ આદર્શ છે. જો તમે આ સિદ્ધિ હાંસલ કરશો તો કર્મનું રહસ્ય પામી શકશો.

**કામના ત્રણ તબક્કા**

દરેક કાર્યને ત્રણ સ્થિતિઓમાંથી પસાર થવું પડે છે. અવગણના, વિરોધ અને સ્વીકાર. જે માણસ પોતાની દીર્ઘદૃષ્ટિથી પોતાના વર્તમાન સમય કરતાં આગળ જોઈ શકે છે એ જરૂર ગેરસમજનો ભોગ બને છે. તે માટે વિરોધ તથા દમન ભલે આવે, આવવા દો. અડગ અને પવિત્ર રહી ઈશ્વર ઉપર અપાર શ્રદ્ધા રાખીશું તો આ બધા અવરોધો ઓગળી જશે.

**☐ સ્વામી વિવેકાનંદ**

## પ્રિતની જ્યોત

*ચંચળ ક્ષણો સ્મૃતિની હૈયે રાખી.*
*યુગોની ક્ષણો રહી એમ સરતી;*

*પારેવાએ પાંખને સમેટી રાખી,*
*ટહુકા ફુટ્યા, ડાળી રાખી લળતી!*

*પ્રત્યેક પ્રાપ્તિમાં હસ્તાક્ષર રાખી,*
*નયન કિનારે નદીઓ સરતી;*

*કોરો ચટાક તન કાગળ રાખી,*
*ને હૈયે લીલા છૂપા ઘાવ ધરતી!*

*સાત સમંદર હિલ્લોળતા રાખી,*
*માટીની ભીની સોડમને સ્મરતી;*

***પ્રિતની જ્યોત**ને પ્રજ્વલિત રાખી,*
*સમય-ક્ષિતિજને રાખી તરતી!*

**મ.ને.**

### હાર્દિક અભિનંદન

**શાહ પલકકુમાર પંકજભાઈ પન્નાલાલ શાહ, શાંતિનાથની પોળ, પાટણ**), ડિસેમ્બર–૧૧ માં મહારાષ્ટ્ર યુનિવર્સિટી ઑફ હેલ્થ સાયન્સ દ્વારા લેવાયેલી ફાઈનલ એમ.બી.બી.એસ.ની પરીક્ષામાં ૬૩% માર્ક્સ મેળવીને ઉત્તીર્ણ થયેલ છે. શ્રી પાટણ જૈન મંડળ તમનેહાર્દિક અભિનંદન સહ ઉચ્ચ અભ્યાસાર્થે શુભેચ્છાઓ પાઠવે છે.


**શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત** આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ ● ફોન :(02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

કાર્યાલય:મે. પ્રવીણચંદ્ર ઍન્ડ કુાં., ૨૧, ભાંગવાડી શોપિંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોન:૬૬૩૧૭૮૯૦-૯૯. મો.:૯૮૨૧૦૧૨૫૧૮.

**કાયમી ડોનેશન–એપ્રિલ થી સપ્ટેમ્બર–૨૦૧૧**

| | નિભાવ ફંડ | આધાર સ્તંભ | લાપસી ફંડ |
|---|---|---|---|
| માટુંગા વાસુપૂજ્ય જૈન સંઘ | ૫૧૦૦૦ | ૨૧૦૦૦ | ૩૧૦૦૦ |
| બાબુલાલ કાલીદાસ | | ૨૧૦૦૦ | |
| હેમંત ટુલ્સ પ્રા. લિમિટેડ | | ૨૧૦૦૦ | |
| વિમળાબેન નવીનભાઈ | | ૩૦૦૦૦ | |
| આસીમ મલ્હોત્રા | | ૨૧૦૦૦ | |
| ધર્મેન્દ્ર ચીમનલાલ | ૫૧૦૦૦ | ૨૧૦૦૦ | ૩૧૦૦૦ |
| રેણુકાબેન રજનીકાંત શાહ | ૫૧૦૦૦ | | |
| હંસાબેન નવીનચંદ્ર શાહ (ગુંદરવાલા) | | ૨૧૦૦૦ | |
| કુનાલભાઈ અશોકભાઈ ઝવેરી | | ૨૧૦૦૦ | |
| કુસુમબેન સેવંતીલાલ મણિયાર | ૧૦૦૦૦૦ | | ૩૧૦૦૦ |
| બ્રાહ્મણવાડા શાંતિનાથ જૈન દેરાસર | | | ૩૧૦૦૦ |
| હેમંતભાઈ વી. શાહ | ૫૧૦૦૦ | ૨૧૦૦૦ | ૩૧૦૦૦ |
| ભાર્ગવી મુંજાલભાઈ | | ૨૧૦૦૦ | |
| કંચનબેન કાંતિલાલ | | ૨૧૦૦૦ | |
| સુસ્મિતાબેન સેવંતીલાલ | | ૨૧૦૦૦ | |

| | નિભાવ ફંડ | આધાર સ્તંભ | લાપસી ફંડ |
|---|---|---|---|
| હિતેશ એસ. મહેતા પરિવાર | | ૧૪૭૦૦૦ | |
| વિશાલ ડી. મહેતા | | ૨૧૦૦૦ | |
| દીશા બી. શાહ | | ૨૧૦૦૦ | |
| બીજુ બી. શાહ | | ૨૧૦૦૦ | |
| જૈનીતા એ. શાહ | | ૨૧૦૦૦ | |
| કુનાલ એ. શાહ | | ૨૧૦૦૦ | |
| શાંતિલાલ પોપટલાલ ટ્રસ્ટ | ૫૧૦૦૦ | | |
| વિમળાબેન મહાસુખલાલ શાહ | | | ૩૧૦૦૦ |
| પ્રવિણાબેન જશવંતલાલ શાહ | | | ૨૨૦૦૦ |
| પ્રવિણચંદ્ર એન્ડ કુાં. | | | ૨૨૭૨૦ |
| એસ. કે. જૈન ટ્રેડીંગ કુાં. | | | ૩૧૦૦૦ |
| તરુણાબેન મહેન્દ્રભાઈ શાહ (ગુંદરવાલા) | ૨૧૦૦૦ | | |
| સાયનામાઈડ લેબોરેટરી | | | ૩૧૦૦૦૦ |

advt

સૌજન્ય : સેવંતીલાલ લહેરચંદ શાહ (સુતરીયા) પરિવાર

## પાટણ પ્રતિબિંબ

(ફોર્મ નં. ૪, રૂલ નં. ૮)

રજિસ્ટ્રેશન ઓફ ન્યૂઝપેપર રૂલ્સ ૧૯૫૬ અન્વયે 'પાટણ પ્રતિબિંબ'ની માલિકી અને તે અંગેની માહિતી.


| | |
|---|---|
| ૧. પ્રકાશન સ્થાન | : ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ–૪૦૦ ૦૨૦ |
| ૨. પ્રસિદ્ધિનો ક્રમ | : માસિક. દર મહિનાની ૧૫મી તારીખે |
| ૩. મુદ્રકનું નામ | : શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ |
| ૪. પ્રકાશકનું નામ | : શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ |
| ૫. તંત્રી | : શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામુઃ | : ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ–૪૦૦ ૦૨૦ |
| ૬. માલિકનું નામ | : શ્રી પાટણ જૈન મંડળ |
| અને સરનામુ | : ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ–૪૦૦ ૦૨૦ |

હું ભારતીબેન ભગુભાઈ શાહ આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૧૫-૩-૨૦૧૨ □**ભારતીબેન ભગુભાઈ શાહ**, પ્રકાશક


## અત્યંત આનંદ વિભોર થઈ ગયા છીએ

**ચિ. મિતાલી મુકેશ શાહ**ને જમનાલાલ બજાજમાં MBA પ્રોગ્રામમાં પ્રવેશ મળ્યો.

**ચિ. રચિત મુકેશ શાહે** MBA ની પ્રવેશ પરીક્ષા સફળતાથી આપી.

**ચિ. પ્રિયંકા મુકેશ શાહે** Company Secretary નું બીજું Executive લેવલ પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ કરેલ તે બદલ

**સેવંતીલાલ મણીલાલ શાહ પરિવાર**

ઢંઢેરવાડો – તારદેવ – અમેરિકા જાXખ

## 'અભિલાષાના અંકુર'

'મુક્તિને મર્યાદા નથી હોતી
સ્વપ્નને પાંખો નથી હોતી'
'આ તો ભેદભરમનો નાતો છે.
પુણ્યને સુગંધ ન હોય તો માન્યતા નથી હોતી,'
'પુણ્ય અને ધર્મ ન હોય તો સાર્થકતા નથી હોતી.'
'ભ્રમને ભ્રમણાનું મેદાન મળ્યું છે,
માનવીને બુદ્ધિનું વરદાન મળ્યું છે,
સત્યને સાક્ષાત્કારનું પરિણામ મળ્યું છે,
સદ્ભાગ્યે, ધર્મનું ક્ષેત્ર મળ્યું છે,
ભક્તને ભક્તિનું આલંબન મળ્યું છે,
પુરુષાર્થને પરમાર્થનું કેન્દ્ર મળ્યું છે,
કિનારાને મંઝિલનું સરનામું મળ્યું છે.'
ટૂંકી આવરદા, લાંબી સફર છે,
મુક્તિની અભિલાષાને બંધન અનેક છે,
જરા સી ગફલતનું પરિમામ ખોફનાક છે,
સંબંધોની રેતી પર સરકતું જીવન છે,
કાગળની નાવ છે, દરિયો અગાધ છે,
સદ્ગુરૂનાં સંગે, ધર્મનાં સંગાથે,–
જાવું પેલે પાર છે.'
સુખદુઃખની આરપાર થઈને,
સંયમરૂપી રથ પર સવાર થઈને
મન પર ઘેરાયેલા કષાયોરૂપી વાદળોના
આવરણને હટાવીને, આત્માનાં ગૂઢ –
રહસ્યને પામી, મિથ્યાત્વ મિટાવવા
કટિબદ્ધ થઈએ, પરમતત્ત્વરૂપી પારસમણિને
પામી લઈને, સ્વ અને પર નું કલ્યાણ સાધીએ.

□**બાબુ પૃથ્વીરાજ એમ. પનાલાલ** 'પરિમલ'




CARAT JEWELLERY
118, Dharam Palace,
B Wing, 1st Floor,
Hughes Road, Mum-7.
Cont. No.:02223610180/81
Tushar: 09820223110
Rupal: 09969525061
Amar: 09004777012
E-Mail-caratjewellery@gmail.com
By Appointments Only.
Advt

# પ્રેરણાનો પગરવ

## ત્રણ તબક્કે પત્રવ્યવહાર

**ચિ. સૌ. વહાલી વહુ,**

'સુસ્વાગતમ'

આજે તારો અને અમારો, આપણા સહુનો, એક સાથે આનંદ અવસર છે. મારા દીકરાનો હાથ ઝાલીને આ ઘરમાં તારા પુણ્ય પ્રવેશ પ્રસંગે અમે સહુ તારું પ્રેમપૂર્વક સ્વાગત કરીએ છીએ.

આવ, અને આ ઘરને, અમારા સંસારને તારા આનંદમય અસ્તિત્વથી ભરી દે. આ પરિવારને તારી પ્રેમાળ હુંફથી હર્યું ભર્યું કરી દે. આજના ધન્ય અવસરે તું અમારા જીવનની સર્વતયા સહભાગી બની છે. તેનો અમને સહુને આનંદ છે.

અમારા આનંદમાં તારો ઉત્સાહ ઉમેરાશે અને બેવડાશે. અમારા દુઃખો, ચિંતાઓ વહેંચી શકવા અમારા દીકરાના સંસારમાં તું અર્ધાંગિની બની તેટલી અમારી વેદના હળવી થશે. અમે તને આજથી સમગ્રપણે અપનાવીને અમારી ગણીશું, તું પણ અમને આપ્તજનો સમજે તેટલો તારો અધિકાર અમે માન્ય રાખીશું.

મા-બાપને ત્યાંનું તારું જીવન અહીંની રીતરસમથી કદાચ વેગળું હશે. તેથી અમારી સાથે તાલમેલ બેસાડવાનો તને શ્રમ પડે, તો તેની અમને સમજણ પાડજે. જેથી અમે તને સહાયભૂત થઈ શકીએ, અને તારી જીવનપદ્ધતિ પણ યથાશક્તિ અપનાવી શકીએ.

તને ઉછેરી, મોટી કરી, ભણાવીને સુંદર, સુસંસ્કૃત અને તંદુરસ્ત સ્થિતિમાં અમને સુપરત કરનારા તારા માતા-પિતાના અમે આભારી છીએ અને તેઓથી વિખૂટાં પડવાની તારી વેદના અમે સમજી શકીએ છીએ.

અમે પ્રભુ પાસે પ્રાર્થીએ અમારી સાથેનું તારું જીવન કોઈ પણ વિઘ્નરહિત, સુખમય, શાંતિપૂર્ણ, તેમ જ આનંદમય બને. આ નવજીવનમાં તારો પ્રવેશ પ્રેમપૂર્ણ, પ્રાર્થનાસભર બને અને અમારા સંસારની સીમાઓ તારા થકી વિસ્તરે, વિકસે અને સંપૂર્ણ બને.

તમારા બંનેનું સહજીવન આ ઘરના આનંદમાં વૃદ્ધિ કરે, અને શોભા બક્ષે એવી આજના મંગળ અવસરે અમારા સહુની શુભેચ્છા છે.

**લિ. તારી સાસુના સ્નેહાશિષો**

x x x

**અમારા અતિપ્રિય દીકરા-વહુ**

આજના શુભવસરના તમને બંનેને અમારા અનેક અભિનંદન, અને હાર્દિક શુભેચ્છાઓ.

ઈશ્વરની અપાર કૃપા કે આ આનંદ અવસરના આપણને સહુને સહભાગી બનાવ્યા. એક નવા જીવના આગમનથી આપણા નાનકડા સંસારની સીમાઓ વિસ્તરી, અને બાળસ્વરૂપે આનંદ આપવા પા પા પગલીએ જે પ્રભુ પધાર્યા છે, તેને અમે સહુ સહર્ષ વધાવીએ છીએ.

આ નાનકડા જીવનું જતન કરવાનો રૂડો લ્હાવો તમને બંનેને અનન્ય આલ્હાદ આપશે અને અનેરા, અદ્‌ભુત અનુભવોથી તમારું જીવન ભર્યું ભર્યું કરી દેશે.

તમારા બંને દ્વારા પ્રગટેલું આ નવજીવન તમારી જ જાણે લઘુ આવૃત્તિ જણાશે. અને અમે અમારી પ્રેમ પુંજીના દ્વાર મોકળા મુકી દેશું. એનું આગમન તમને બંનેને સુખ-શાંતિ અને સમૃદ્ધિ આપે અને ઈશ્વરની સર્વે સુયોજનાઓ તમારા સુમેળ થકી પરિપૂર્ણ થાય.

દાંપત્ય જીવનના ખૂટતા અનુભવો તમને એના દ્વારા પ્રાપ્ત થાય, અને એ બાળપુષ્પને ખીલતું પાંગરતું જોઈને પ્રેમપૂર્ણ રહો, એ જ અમારી સહુની શુભેચ્છાઓ, આજના આ આનંદ અવસરે.

**લિ. તમારા માતા-પિતાના શુભાશિષો**

x x x

**ચિ. પ્રિય દીકરા - વહુ**

આજથી શરૂ થતું તમારું સ્વતંત્ર જીવન તમને ચારેયને મુબારક હો. અમારા અંતરના આશીર્વાદ છે, કે તમારો સ્વતંત્ર ઘર સંસાર સુખમય, શાંતિમય, અને કિલ્લોલતો બને.

બાર બાર વર્ષ સુધી આપણે સહુ સાથે રહીને જે સુખ-દુઃખની, આનંદ ઉપાધિની ક્ષણોના સહભાગી બન્યા, તેના સંસ્મરણો અમને તમારા વગરનો ખાલીપો સહેવામાં સહાયભૂત થશે. સાથે જીવતા જીવતા જે આનંદના અવસરો આપણે માણ્યા છે, તે બધી પ્રેમપૂંજીને અમે જતનથી જાળવીશું અને સ્મરણરૂપે મા'ણતા રહીશું. સ્વતંત્ર જીવનમાં તને પણ ક્યારેક કુટુંબની હૂંફની ખોટ જણાશે ક્યારેક સામે આવતી સમસ્યાઓને ઉકેલતા એકલા પડી જવાશે. અને થાક વરતાશે, ત્યારે...તમે બંને બાળકોને લઈને, ઘડીભરનો વિસામો મેળવવા ચાલી આવજો ખુશીથી. એવા અવસરો અમારે માટે પણ ખુશાલીના જ હશે.

વહુ, આ ઘરને તું હવે તારું બીજું પિયર ગણીને, કામકાજથી હળવી થવા આવી જાય, તેવી મારી ભાવના છે. તમારો લેશમાત્ર ભાર અહીં નહી વરતાય. બલ્કે તમારો અને બાળકોને કિલ્લોલ કંકાસ અને ફંટાળો હજી આ ઘરમાં ફરીફરીને પાછો અવારનવાર આવતો રહે, અને અમને ક્ષણભર માટે પણ ભર્યા ભર્યા વિવિધ રંગમિશ્રિત દિવસોના સ્મરણો સજીવન કરાવી જાય, તેવી અમારી ઇચ્છા રહેશે.

તમારું સ્વતંત્ર જીવન તમે કલ્પેલી, સેવેલી સર્વે અભિલાષાઓ પૂરી પાડે, અને સરળ સહજ, તેમજ સુખમય બને તેવી શુભેચ્છા સાથે,

**લિ. સદાય માટે તમારા માતા-પિતા**

### DESTINY

During a momentous battle, a Japanese general decided to attack even though his army was greatly out- numbered. He was confident they would win, but his men were filled with doubt. On the way to the battle, they stopped at a religious shrine. After praying with the men, the general took out a coin and said, `I shall now toss this coin. If it is heads, we shall win. If tails, we shall lose. Destiny will now reveal itself.' He threw the coin into the air and all watched intently as it landed. It was heads. The soldiers were so overjoyed and filled with confidence that they vigorously attacked the enemy and were victorious. After the battle, a lieutenant remarked to the general, `No one can change destiny.' `Quite right,' the general replied as he showed the lieutenant the coin, which had heads on both sides.

# મા તે મા

જીવન સદા એવું જીવો કે જીવનારા સૌ જોયા કરે,
કર્મો સદા એવા કરો કે સૌના હૃદયમાં સ્થાન પામો,
પળ પળનો ઉપયોગ એવો કરો કે કાળ પણ જોયા કરે,
અને આપ હસતાં રમતાં એવા જીવો કે દુનિયા સારી રડ્યા કરે.

- સંતાનના સુખે સુખી અને સંતાનના દુઃખે દુઃખી તેનું નામ છે 'મા'.
- જે માને દિકરો નવ મહિના ગર્ભમાં રાખી ભારે ન પડ્યો, અને તેને હસતાં હસતાં જન્મ આપ્યો, તે દિકરાને મા-બાપનો ખર્ચ ભારે પડે છે.
- માતા યુવાન થઈને વૃદ્ધ થાય પણ સંતાનો હંમેશા બાળક જ રહે છે. ઘોડે ચડતો બાપ મરજો પણ દળણા દળતી મા ન મરજો. પોતાનું સર્વસ્વ આપવા તૈયાર થનાર મા પોતાના વ્હાલ સોયા દિકરાને શ્રાપ નહિ આપે.
- પહેલાં રડવું આવતું હતું ત્યારે મા યાદ આવતી હતી અને હવે મા યાદ આવે છે ત્યારે રડવું આવે છે.
- આ જગતમાં મા થી કોઈ મોટું નથી. મા એટલી મહાન છે કે આપણે માની માને પણ 'નાની' કહીએ છીએ.
- માતાની યાદ હંમેશાં સુખમાં નહીં પણ દુઃખમાં જ આવે છે. કારણ કે માતા પોતાના સંતાનના સુખમાં નહીં પણ દુઃખમાં ભાગ લે છે.
- જાઈ મા પાળે. ઓરમાન મા બાળે. મા જુએ આવતો વહુ જુએ લાવતો. પત્નિ હમેશાં પતિનું ખીસું તપાસે પણ માતા દિકારનું પેટ તપાસે. દિકરો ન આવે ત્યાં સુધી રાત્રે મા જાગતી રહે. રાહ જોઈને બેસી રહે.
- દિકરો ગમે તેટલો મોટો થાય પણ માતા આગળ હંમેશાં નાનો હોય.
- પત્નિ રડાવે ત્યારે માની ગોદ યાદ આવે, માતા પોતાના દિકરાને હેતથી ગરમા ગરમ રસોઈ જમાડે પછી જ ખાય. માતા કાલે રડતી હતી કારણ દિકરો જમતો નથી, માતા આજે પણ રડે છે, કારણ દિકરો જમાડતો નથી.
- કવિ-ચિત્રકાર પોતાની કૃતિ નીચે પોતાનું નામ લખે. પરંતુ ભગવાન જેવા મહાન કલાકાર માનવીને સર્જે છે. પણ માનવીનું નામ નથી લખતો, પણ માતાનું નામ લખે છે. માતા પણ કેટલી મહાન છે. પોતાનું નામ નહીં પણ સંતાનની પાછળ તેના પિતાનું નામ આપે છે.
- એક માતાને દિકરાને માનવ બનાવતાં ૨૦ વર્ષ લાગે છે. જ્યારે એજ દિકરાને મુર્ખ બનાવવા માટે તેની પત્નિને ૨૦ મિનિટ પણ નથી લાગતી.
- પ્રભુ ભક્તિ અને તીર્થ યાત્રાઓ કરી પુણ્ય કમાવવું તેના કરતાં ઘરમાં રહેલાં માતા-પિતાની સેવા કરવી તેના જેવું ઉત્તમ કાર્ય કોઈ નથી.
- જે લોકો ઘરડાં મા-બાપની સેવા નથી કરતાં તે લોકો કપડાં વગર બજારમાં જાય તેવાં લાગે છે.
- મા એટલે અમૃત ઘોળેલો દરિયો, મા એટલે દેવ ફરી અવતરિયો
મા એટલે જતન કરનારૂં જીવતર, મા એટલે વગર મુડીનું વળતર
મા એટલે વ્હાલ ભરેલો વીરડો, મા એટલે મંદિર કેરો દિવડો

(સંકલિત)

# વાચકનો પ્રતિસાદ

પાટણ પ્રતિબિંબ ફેબ્રુઆરી-૨૦૧૨ના અંકમાં શ્રી પ્રતાપભાઈ શાહનો 'શું તમને સુખ અને સરળતાની ઝંખના છે ?' લેખ વાંચ્યો. લેખ સરસ છે, મનનીય છે અને દુઃખી વ્યક્તિને શાતા આપનારો છે. પણ એમાં એના દુઃખ દૂર કરવા માટે કોઈ ઠોસ અભિગમ નથી.

લેખમાં છેલ્લે એમને એમના ઘરના દરવાજા ખુલ્લા છે એમ લખ્યું છે પણ બારીઓ વિશે કોઈ ઉલ્લેખ નથી. કદાચ બંધ હશે, જેથી તેમને ગ્રહો ઉપર, નંગ ઉપર અને જ્યોતિષ વિદ્યા ઉપર વિશ્વાસ નથી.

જો આપણા જન્માક્ષરનો સમય સાચો હોય અને જોનારો સાચું જ્યોતિષ જાણતો હોય તો ઘણું સાચું પડે છે. કુંડળીમાં કાલસર્પ, દારિદ્ર, વિષયોગ જેવા ખરાબ યોગો થયા હોય અગર શુભ ગ્રહો નીચલા પડ્યા હોય અગર તો ચાલુ સમયમાં શનિની સાડા સાતી આવે ત્યારે માણસ દુઃખી થાય છે.

આનાથી વિરૂદ્ધમાં સારા યોગો જેવા કે ગજકેસરી યોગ, ભાગ્ય સ્થાનમાં ગુરૂ હોય, શુભ ગ્રહો ઊચ્ચના હોય તો માણસ સુખી થાય છે.

દુઃખના સમયમાં અનુકુળ સારા ગ્રહનું નંગ પહેરે તો વાંચકોમાંથી ઘણાને અનુભવ હશે કે ફાયદો થાય છે, નહીં તો સારા અને સરળ માણસોના હાથમાં નંગની વીંટી જોવા ન મળે.

❑ **શ્રી જશવંતલાલ મણિલાલ શાહ** (ભાભાનો પાડો)

## મુંબઈમાં જૈન હોસ્ટેલ અને જૈન વિદ્યાલય

૧. શ્રી વીરજી લધાભાઈ કચ્છી દશા ઓસવાલ જૈન વિદ્યાર્થી ગૃહ, લક્ષ્મી નિવાસ, કામા લેન, ઘાટકોપર (પ.), મુંબઈ-૮૬. ફોન : ૨૫૧૦૦૧૫૭.

૨. શ્રી સી. બી. મહેતા વિદ્યાલય તથા શ્રી કે. આર. સંઘરાજકા બ્રધર્સ વિદ્યાલય, પ્લોટ નં. ૨૫૮/૨૫૯, સ્ટેશન રોડ, વડાલા, મુંબઈ-૩૧. ફોન : ૨૪૧૨૭૨૫૪, ૨૪૧૨૭૦૪૯.

૩. શ્રી હીરજી ભોજરાજ એન્ડ સન્સ, કચ્છી વિશા ઓસવાળ જૈન છાત્રાલય, ૪૨૬, શ્રદ્ધાનંદ રોડ, માટુંગા, મુંબઈ-૧૯.

૪. શ્રી મહાવીર વિદ્યાલય, મહાવીર ચોક, સી. ડી. બરફીવાલા માર્ગ, એસ.વી.રોડ, અંધેરી (પ.), મુંબઈ-૬૮. ફોન : ૨૬૨૮૦૩૭૪.

૫. શ્રી સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહ, ૬૪, સી. યુ. શાહ ભવન, એસ.આઈ.એસ. કૉલેજની પાછળ, સાયન (પ.), મુંબઈ-૨૨. ફોનઃ ૨૪૦૭૩૬૩૨.

૬. શેઠ ગોકુલદાસ મુલચંદ જૈન હોસ્ટેલ, ૩૮-બી, જૈન બિલ્ડિંગ, સ્ટેશનની સામે, એલ્ફિસ્ટન રોડ, મુંબઈ-૧૩. ફોન : ૨૪૨૨૫૩૧૫.

૭. શ્રી ગોકુલદાસ તેજપાલ બોર્ડીંગ, ઑગસ્ટ ક્રાન્તિ માર્ગ, ગોવાલિયા ટૅન્ક, મુંબઈ-૩૬.

ઉપરની યાદી સંક્ષિપ્તમાં આપી છે. આ ઉપરાંત અન્ય વિદ્યાલય/હોસ્ટેલની માહિતી મળશે તે છાપવામાં આવશે.

✶ ✶ ✶

# પાટણનો ૧૨૬૭મો સ્થાપનાદિન મહોત્સવ

શૌર્ય શહીદી અને સમર્પણની ભાવનાનો ઇતિહાસ જેની રજેરજમાં સમાયેલો છે તેવી મહાન ઐતિહાસિક નગરી **પાટણના ૧૨૬૭માં સ્થાપના દિનની ઉજવણી** નિમિત્તે વિવિધ સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે નગર સેવા સદન ખાતેથી વિશાળ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રામાં ૮ શૈક્ષણિક શાળાઓ, સામાજીક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ તેમજ વિવિધ ઝાંખીઓ અને ટેબ્લો સહિત ૫ જેટલા બેન્ડબાજાઓ જોડાયા હતા. નગરપાલિકા ખાતેથી વાજતે ગાજતે નીકળેલી શોભાયાત્રામાં પાલિકાના સદસ્યો, નગરના અગ્રણીઓ તેમજ વિવિધ શાળાના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

ઐતિહાસિક ધરોહર અને શિક્ષણધામ પાટણ નગરીની વિર વનરાજ ચાવડાએ આજથી ૧૨૬૬ વર્ષ પૂર્વે વિક્રમ સંવત ૮૦૨ ઈ. સ. ૧૪૭૦માં મહાવદ સાતમને શનિવારના દિવસે તેના મિત્ર અણહિલ ભરવાડના નામ ઉપરથી અણહિલપુર પાટણની સ્થાપના કરી હતી. અણહિલપુર પાટણે ૬૬૮ વર્ષ પૂર્વે ગુજરાતની રાજધાની તરીકે ઉજ્વળ કારકીર્દિનો સમય પસાર કર્યો હતો. આ ઉપરાંત સાડા છ સૈકાઓ સુધી જે નગર ગુજરાતના પાટનગર તરીકે ગાદીને સોળે કળાએ ખીલવી હતી તે અને તે સુવર્ણકાળ દરમ્યાન મહાન **કલીકાલ સર્વજ્ઞ પ. પૂ. શ્રી હેમચંદ્રાચાર્ય રચિત સિદ્ધહેમ શબ્દાનુશાસન ગ્રંથ**ની ભવ્ય શોભાયાત્રા સિદ્ધરાજ જયસિંહે પાટણ નગરમાં હાથીની અંબાડી ઉપર કાઢી હતી ત્યારે ૧૪મી ફેબ્રુ.ના રોજ ૧૨૬૭ના સ્થાપના દિન નિમિત્તે સુવર્ણ ઇતિહાસની યાદને તાજી કરી હતી.

✷ ✷ ✷

# ત્વચાદાનથી જીવતદાન

પ્રાણ એ પ્રથમ, સ્નેહ એ બીજી અને સમજણ એ ત્રીજી ઈશ્વર તરફથી મળેલી અમૂલ્ય ભેટ છે. માનવદેહ ઈશ્વરની અપ્રતિમ રચના છે અને તેનો ઉત્કૃષ્ટ ઉપયોગ એટલે **રક્તદાન–નેત્રદાન–ત્વચાદાન.**

સાયન હૉસ્પિટલમાં દર વર્ષે અંદાજે ૭૦૦ જેટલા દાઝેલા દરદીઓ આવે છે. દાઝી જવાના કારણે તેમના શરીરમાંથી ઘણું FLUIDS-LIQUID પ્રવાહી નીકળી જાય છે, જેના કારણે તેની રોગપ્રતિકારક શક્તિ શૂન્ય જેવી થઈ જાય છે, પછી તેમના ઘા પર એક પણ જીવજંતુ બેસે તો તેઓને ઈન્ફેક્શન લાગે છે, જેના કારણે લગભગ ૬૫ ટકાથી ૭૫ ટકા દરદીઓ મૃત્યુ પામે છે. આ તો ફક્ત સાયન હૉસ્પિટલની વાત થઈ. બીજી હૉસ્પિટલ જેવી કે મસિના, કે.ઈ.એમ., જે. જે., નાયર, ભગવતી જેવી હૉસ્પિટલ મળી અંદાજે ઓછામાં ઓછા પાંચ હજાર જેટલા દરદીઓ આવે છે. આવા દરદીઓને આપની દાન કરેલી ત્વચાનો કવચ તરીકે ઉપયોગ કરી ઇન્ફેક્શન લાગવાથી બચાવી શકાય અને સીધું જીવતદાન આપી શકાય છે.

જીવતે જીવ રક્તદાનથી જીવતદાન

મૃત્યુ બાદ નેત્રદાનથી દૃષ્ટિદાન

અને ત્વચાદાનથી જીવતદાન આપવાનું ચૂકશો નહિ

સૌ પ્રથમ ત્વચા બૅન્ક ઈ. સ. ૨૦૦૦ની સાલના એપ્રિલ મહિનામાં સાયન હૉસ્પિટલમાં શરૂ થઈ. ૨૦૦૦ થી ૨૦૦૬ સુધી મળેલ ત્વચાદાનની સંખ્યા ૫૬ હતી અને ૨૦૦૭ થી સન્ડે ફ્રેન્ડ જોડાયું, ત્યાર બાદ આજ રોજ સપ્ટે. ૨૦૧૧ સુધી મળેલ ત્વચાદાનની સંખ્યા ૩૫૮ થી છે.

એક વ્યક્તિના ત્વચાદાનથી ઓછામાં ઓછી એક વ્યક્તિ અને વધુમાં વધુ ત્રણ વ્યક્તિને જીવતદાન મળી શકે છે.

✷ ✷ ✷

# ચાલને ક્યાંક દૂર...આકાશ

*ઓ મારા અલબેલા આકાશ...<br>ઓ મારા અદકેરા આકાશ...<br>ચાલ ક્યાંક દૂર ચાલી નીકળીએ... !*

*એન્જિનિયરો અને આર્કિટેક્ટો<br>સિમેન્ટ–કૉંક્રિટના અતિક્રમણના<br>ચોકઠામાં તને ગોઠવી દે તે પહેલા<br>ચાલ ક્યાંક દૂર ચાલી નીકળીએ... !*

*માનવીઓ અને વાહનો<br>એના અવિરત કોલાહલથી<br>તારી શાંતિને હણી દે તે પહેલા<br>ચાલ ક્યાંક દૂર ચાલી નીકળીએ... !*

*મિલો અને કારખાનાના<br>સતત ઓકતા ધૂમાડાના ભુંગળાઓ<br>તારી સુંદરતાને પ્રદુષિત કરી દે તે પહેલા<br>ચાલ ક્યાંક દૂર ચાલી નીકળીએ... !*

*મિસાઈલો અને અવકાશયાનો<br>અવિરત વધતી ઈજારાશાહીમાં<br>તારી અનુપમ આભાને અભડાવી દે તે પહેલા<br>ચાલ ક્યાંક દૂર ચાલી નીકળીએ... !*

*દંભી અને મતલબી<br>આ દુન્યવી દુનિયાના સ્વાર્થી સંબંધો<br>તારી પરોપકારીતાને ખરડી દે તે પહેલા<br>ચાલ ક્યાંક દૂર ચાલી નીકળીએ... !*

*પ્રેમના અમીને પાંખોમાં સજાવી<br>સ્નેહના મેઘને આંખોમાં વસાવી<br>ચાલને આકાશ...<br>ક્યાંક દૂર...ખૂબ દૂર...ચાલી નીકળીએ... !*

**□ જ્ઞાનેશ લાપસીયા**

## આદર્શ–સિદ્ધાંત

- આદર્શો તારા જેવા છે; આપણે એના સુધી કદી પહોંચતા નથી, પણ દરિયાના ખલાસીની જેમ આપણે આપણો માર્ગ એના દ્વારા નક્કી કરીએ છીએ.

❑ કાર્લ માર્ક્સ

- કોઈ માણસ જ્યારે આદર્શ માટે કામ કરે છે ત્યારે તેનો સામનો કરવો મુશ્કેલ બની જાય છે.

❑ ગાંધીજી

- જે આદર્શમાં વ્યવહારનો પ્રભાવ ન હોય એ બેકાર છે અને જે વ્યવહાર આદર્શ–પ્રેરિત ન હોય એ ભયંકર છે.

❑ અજ્ઞાત

- આદર્શવાદી માણસ બીજાઓને પણ સમૃદ્ધ થવામાં મદદ કરે છે.

❑ હેન્રી ફોર્ડ

- આદર્શવાદ એટલે પોલિટિશિયનોએ સત્તાના અભરખા પર ઓઢાડી રાખેલો ફાંકડો ઝભ્ભો.

❑ આલ્ડસ હક્સલી

- સત્ય અને ન્યાય માટે ઉત્કંઠા રાખવી તેનું નામ જ સિદ્ધાંત.

❑ હેજલિટ

- જે વાત સિદ્ધાંતમાં જ ખોટી છે, તે વ્યવહારમાં પણ ખોટી છે.

❑ ડૉ. રાજેન્દ્રપ્રસાદ

- જીવનમાં સિદ્ધાંત હોવા એ ઉત્તમ બાબત છે, પરંતુ તે મુજબ જીવવું સર્વોત્તમ છે.

❑ બેન્જામિલ ફ્રેંકલિન

- તૂટે એને સિદ્ધાંત ન કહેવાય!

❑ 'નિર્દોષ'

- સિદ્ધાંત માટે લડવું સહેલું છે, સિદ્ધાંત માટે જીવવું મુશ્કેલ.

❑ આલ્ફ્રેડ એકલર

- માણસ વીસીમાં હોય ત્યાં સુધી જો સિદ્ધાંતવાદી ન હોય તો સમજવું કે, તેનામાં હૃદય નથી, અને ત્રીસીમાં આવ્યા પછી પણ જો તે સિદ્ધાંત-વાદી રહે તો સમજવું કે, તેનામાં મગજ (અક્કલ) નથી.

❑ જ્યોર્જ બર્નાર્ડ શૉ

- સાચા સિદ્ધાંતોને ચમત્કારોની જરૂર હોતી નથી.

❑ ઈટાલિયન કહેવત

### એક શે'ર...

*કબરની ઊંઘમાં 'બેફામ' જો નહિ સ્વર્ગના સપનાં,*
*જીવનમાં જે મળ્યું નહિ, એ મરણની બાદ શું મળશે ?*

❑ બરકત વિરાણી 'બેફામ'

## પશ્ચાતાપ

- પસ્તાવો એ જ પાપને ધોવાનો સાબુ છે.

❑ હેયર

- કર્તવ્યમાં ઉપેક્ષા કરવા બદલ પોતાને ઠપકો આપવો તેનું નામ પ્રાયશ્ચિત

❑ Mercus Aurelius

- પાપ ન કરે તે દેવ, પાપનો પસ્તાવો કરે તે માનવ અને પાપ કર્યા પછી પસ્તાવો પણ ન કરે તે દાનવ.

❑ હિતોપદેશ

- પ્રાયશ્ચિત કરનારો એ સાબિત કરે છે કે, હજી તેનામાં માણસાઈ છે!

❑ 'નિર્દોષ'

- સમૃદ્ધિમાં પશ્ચાતાપ નિરાંતે ઊંઘે છે, વિપત્તિમાં જાગે છે.

❑ રુસો

- આજે કર્યા જેવું મેં શું ન કર્યું અને ન કરવા જેવું મેં શું કર્યું એનો જે સૂતાં-જાગતાં વિચાર કરે છે તેને કદી પસ્તાવાનો વખત આવતો નથી.

❑ તૈત્તિરીય ઉપનિષદ

## નિદ્રા

- ઊંઘ એ કુદરતના બધા વરદાનોમાં મોટામાં મોટું અને સુંદરમાં સુંદર વરદાન છે-.

❑ આલ્ડસ હકસલી

- માણસો જાગતા હોય છે ત્યારે બધા એક જ દુનિયામાં હોય છે, પણ ઊંઘે છે ત્યારે દરેક જણ પોતપોતાની અલગ દુનિયામાં હોય છે.

❑ પ્લુટાર્ક

- ઊંઘ એટલે મોતનું બનાવટી રૂપ.

❑ શેક્સપિયર

- થાકીને ઊંઘી જવું એ પ્રત્યેક માણસનો જન્મસિદ્ધ અધિકાર છે, પણ થાક્યા વગર ઊંઘી જવું એ ભ્રષ્ટાચાર છે.

❑ ગુણવંત શાહ


WORKSHOP FOR ART & CRAFT
Age Group 7 to 12 yrs, above 12 yrs
**ALSO FOR LADIES**
More than 50
Oneday Classes not more than 90 minutes
For more details contact :
**JAYSHREE SHAHH**
27/28, Panchasar, 3rd floor,
76, Marine Drive, `F' Road,
Mumbai-400 020.
Mobile : 9324444582 / 9769004133
**Srictly by appointment only**
E-mail: jayshreeshahh@hotmail.com
ADVT

# હું હવે થાકી ગયો છું માણસોથી !

**હું હવે થાકી ગયો છું માણસોથી !** રાત ને દિવસ સતત એ કંઈ માગ્યા કરે.
બંધ આંખે, હાથ જોડે, શીશ ઝુકાવે, પગે લાગ્યા કરે...
ધુપ દીવા કરે, પૂજન અર્ચન કરે, હવન-હોળી કરી મારી સર્જેલી વસ્તુઓથી લલચાવે...
ફળફુલ, નૈવેદ્ય ને શ્રીફળ ધરે...રોજ માળા ફેરવી હાથ સંતાડ્યા કરે...
**હું હવે થાકી ગયો છું માણસોથી**
સકળ બ્રહ્માંડ ચૌદે લોકમાં નિવાસ મારો છે ધરા, પાતાળ ને આકાશમાં...
તો પણ મુને પુરે છે મંદિર–મસ્જીદોની જેલમાં, યુગોથી કારાવાસમાં,
હું એક ઉર્જારૂપ છું પણ અલગ નામે, રૂપે હજારો ધર્મને સ્થાપ્યા કરે...
**હું હવે થાકી ગયો છું માણસોથી.**
માણસો સર્જીને કીધી ભૂલ મેં, જુઓ એ મૂર્તિઓ મારી જ સર્જે છે.
એ ડૂબાડે છે, વિસર્જન કરે છે, ઉત્સવો નામે ઘોંઘાટ ગર્જે છે.
રોડ પર કાઢીને શોભાયાત્રા, ડીસ્કોને ડીજે. જાહેરમાં નાચ્યાં કરે...
**હું હવે થાકી ગયો છું માણસોથી...**
માંગણી છે એડમીશન ને પરીક્ષામાં ટકા, નોકરી–ધંધો, સગાઈ ને સીમંત...
બંગલો ને કાર, સિદ્ધિ–સંપત્તિ ને રોગમુક્તિ...એવી માંગણીઓ છે અનંત...
એ મંત્રેલા દોરાધાગાઓ, તાવીજ બાંધી મારી કાયમ માનતા માન્યા કરે...
**હું હવે થાકી ગયો છું માણસોથી... !**

☐ **સંકલિત**


## MATRIMONIAL

**NAME : SAGAR G. SHAH**
Father : Girish Popatlal Shah / Mother : Chhaya G. Shah
Patan Mohollo : Kumbharia Pado
Date of Birth : 23-1-1985
Education : M.B.A..(Jamanalal Bajaj-JBIMS)
CFA (ICFAI), CFA Level-1 (International)
Job : Sr. Manager-Corporate Banking Axis Bank (H.O.)
Contact No. : 9920977180 / 28201400 Advt

## MATRIMONIAL

**NAME : MS. JINAL SUNIL CHANDULAL SHAH**
Mother : DAMINI, Mohalla : Vakhatjini Sheri
Birth Date : 11-11-1983, Time : 14.20 (Mumbai)
Education : M.Com., Diploma in Graphics & Animation
Occupation : Graphic Designer
Contact : 09892255959, Res. : 28951831
Email : jinal.sshah11@gmail.com
Advt

## લગનસંબંધી

**નામ : મેઘા હરેશ શાહ**
**જન્મ તારીખ : ૦૮-૦૧-૮૮ / સમય : ૮.૫૦ A.M.**
**હાઈટ : ૫'-૧''**
**અભ્યાસ : C.A. / વ્યવસાય : નોકરી**
**ફોન નં. : ૨૨૮૧૨૪૧૭ / ૯૮૨૧૮૩૧૦૧૧.**
E-mail : megna_shah8@hotmail.com Advt

**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમ :** ESTD : 1998
**૧૫મા વર્ષમાં પદાર્પણ...પાટણ પરિવારના જૈન યુવક-યુવતીઓ માટે ચાલતો**

## અલ્પા મેરેજ બ્યુરો

આપણા માટે નવી સુવીધા સાથે...ડાયરેક્ટ મીટીંગની વ્યવસ્થા
સ્પેશ્યલ કલાસ માટે ઈ-મેઈલ ફેસીલીટી. **વધુ વિગત માટે સંપર્ક :**
**શ્રીમતી અલ્પા શાહ : 8080547424 - 9823218746**
સમય : ૧૧-૦૦ થી ૫-૦૦. Email : alpashah@yahoo.co.in
**દર અમાસે મેરેજ બ્યુરો બંધ રહેશે.** Advt

## લગનસંબંધી

**નામ : હીરલ**
**માતા-પિતા : ભારતીબેન દિવ્યેશભાઈ શાહ**
**દાદી-દાદા : દમયંતીબેન પ્રતાપસિંહ શાહ (પ્રેસવાળા)**
**જન્મ તારીખ : ૦૫-૧૦-૮૮**
**સ્થળ : મુંબઈ / સમય : પરોઢિયે ૩-૫૫ વાગ્યે**
**હાઈટ : ૫ ફુટ - ૨ ઈંચ**
**અભ્યાસ : બી. કોમ., ફેશન ડિઝાઈનિંગ, એનિમેશન**
**મહોલ્લો : ભાભાનો પાડો**
**ફોન : ૨૬૪૬૦૮૮૧**
**મો. : ૯૩૨૧૧૧૧૧૦૯**
E-mail : nickeyshah510@gmail.com (જાxખ)

## MATRIMONIAL

**NAME : PRATIK HARNIC SHAH**
Father's Name : Harnic Ramanlal Shah
Mother's Maiden Name : Late Jayshree Harnic Shah
Mother's Name : Rashmi Harnic Shah
DOB : 22nd February, 1981,
Place of Birth : Mumbai, Time : 06.47 PM
Height : 5'-10"
Qualfication : Chartered Accountant
Work Profile : Working with SPS Share Brokers
As Compliance Office
Native Place : Dank Mehta No Pado
Mosal : Chhatrasen Surajmal Shah-Koka No Pado
Hobbies : Listening to Music
Contact Mobile : 9821230572 / R 23828834
E-mail : phs22in@yahoo.co.in Advt


**સમાજને ઉચ્ચશિક્ષિત, સંપન્ન અને નિરામય બનાવવા સમર્પિત મંડળનું ગૌરવશાળી શતાબ્દી વર્ષ**

## સંસ્થા સમાચાર

### ભાભાનો પાડો, યંગસ્ટર્સ ગ્રુપ-ફોટો હંટ

તા. ૨૨-૧-૨૦૧૨ રવિવારના રોજ ભાભાના પાડાના યંગસ્ટર્સ ગ્રુપ દ્વારા ફોટો હંટ ગેમનું આયોજન કરાયું હતું. આ રમતમાં ૮૫ યંગસ્ટર્સે ભાગ લીધો હતો. પાંચ-પાંચનું ગ્રુપ બનાવી ૧૭ ગાડીઓ દ્વારા સવારે ૯.૩૦ કલાકે સાંતાક્રુઝથી શરૂ થઈ આપેલ ક્લુ (પેપર) મુજબ અલગ અલગ ૨૫ ફોટોગ્રાફ્સ લઈ જુહુ જીમખાના ખાતે બપોરે ૧૨.૩૦ કલાક સુધીના સમયમાં પહોંચવાનું હતું. ઉદાહરણ રૂપે જેમ કે, ભાગ લેનાર ગ્રુપનો પવૈયા (છક્કા) સાથે ફોટો, રોડ પર બીજાની બુટ પાલીસ કરતો ફોટો, સિગ્નલ પર ભીખ માંગતો ફોટો, રેલ્વે સ્ટોલ પર ન્યુઝ પેપર ખરીદતો ફોટો, આવા અલગ અલગ ૩૦ ફોટોગ્રાફમાંથી સૌથી વધારે ફોટો દ્વારા પોઈન્ટ પ્રાપ્ત કરનાર વિજયી બને. વ્યક્તિમાં રહેલી નિખાલસતા વિલ પાવર, સાહસિકતા, બીજાને કન્વીન્સ કરવાની ક્ષમતા વિગેરે ટેલેન્ટ પાવર, લાવવાના પ્રયાસ તરીકે આ ગેમ આયોજીત કરાઈ હતી. ભાભાના પાડાના યંગસ્ટર્સ ગ્રુપ દ્વારા પરસ્પર સ્નેહ મિલનના ભાગ રૂપે ગેટ ટુ ગેધર, સંગીત પ્રોગ્રામ જેવા આયોજનો કરાય છે. આ વર્ષે આવો અવનવો કાર્યક્રમ યોજી રોડ પર લોકોનું અનેરૂં કુતુહલ જગાડ્યું હતું. ભાગ લેનારાઓએ પણ અનેરો આનંદ માણ્યો હતો. વિજેતાઓને ઈનામ અપાયા હતા. વ્યવસ્થાપકોની કુનેહભરી મહેનતે આ કાર્યક્રમ સફળ નીવડ્યો હતો

### શ્રી પંચસરા પાર્શ્વનાથ શ્રુત આરાધક મંડળ

દ્વારા મથુરા (શ્રી પાર્શ્વનાથજી), આગ્રા (ચિંતામણી પાર્શ્વનાથ), સૌરીપુરી (નેમીનાથ પ્રભુ), કમ્પિલાજી (શ્રી વિકલનાથ પ્રભુ), અહિચ્છત્રા નગરી (પાર્શ્વનાથ પ્રભુ), હસ્તિનાપુર (ૠષભદેવજી) અને દિલ્હી વગેરે સ્થળોની તીર્થ યાત્રા, લગભગ ૧૭૦ સાધર્મિકો સાથે તા. ૧૦-૨-૨૦૧૨ થી તા. ૧૭-૨-૨૦૧૨ સુધી સેવા, પુજા, દર્શન કરી પરત મુંબઈ આવી ગયા છે. યાત્રામાં આવનારની સુંદર સગવડતા ભરી વ્યવસ્થા કરવામાં આવી હતી. કમ્પિલાજીમાં સ્પોન્સરો તથા દહેરાસરના ટ્રસ્ટીઓ અને શ્રી પંચાસર પાર્શ્વનાથ શ્રુત આરાધક મંડળના મોભી શ્રી ચંપકલાલ કેશવલાલ શાહ (વીમાવાળા)નું આદરપૂર્વક બહુમાન કરવામાં આવ્યું હતું. બહુમાન સભામાં પૂજ્ય ચંપકકાકા, ૯૦ વર્ષની ઉંમરે પણ સક્રિય રીતે ધાર્મિક કાર્યો કરે છે, તેથી તેઓને મુંબઈ ખાતે 'માનપત્ર' આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

### શ્રી શશીકાંતભાઈ ભગવાનદાસ ઝવેરીની આયંબિલ ઓળી

મારફતીયા મહેતાના પાડાના **શ્રી શશીકાંતભાઈ ભગવાનદાસ ઝવેરી** જેમણે પ. પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય મિત્રાનંદસૂરિ મ.સા.ના શિષ્ય રત્ન પૂ. આ. ભ. શ્રી ભવ્યદર્શન સૂરિ મ.ના પાસે સંયમ સ્વીકારી હાલ **પૂ. શ્રમણ રત્ન વિ. મ. સા.** તરીકે વિચરી રહેલ છે જ. પ્રથમ જ વખત મુંબઈ પધારી રહ્યા છે, જેઓ તા. ૨૫-૩-૧૨ થી તા. ૬-૪-૧૨ સુધી શ્રીપાળનગર-નેપિયન્સી રોડ, નવપદની ચૈત્રી ઓળી દરમ્યાન સ્થિરતા કરશે..

### શ્રી પ્રાર્થના સમાજ પાટણ જૈન મિત્ર મંડળ

શ્રી પ્રાર્થના સમાજ પાટણ જૈન મિત્ર મંડળના નેજા હેઠળ રવિવાર તા. ૨૬-૨-૨૦૧૨ ના રોજ સવારે ૯-૩૦ કલાકે **શ્રી ચંદ્રપ્રભુ દેરાસર, પ્રાર્થના સમાજ** મધ્યે **શ્રી પંચકલ્યાણક પૂજા**નું આયોજન થયું હતું.

છેલ્લા લગભગ પાંત્રીસ વર્ષોથી આવો કાર્યક્રમ રાખવામાં આવે છે. જેથી પાટણના આ વિસ્તારમાં નિવાસ કરતાં સભ્યો એકમેકની નજદીક આવી ભાઈચારાનું કૌટુંબિક વાતાવરણ ઊભું કરી શકે. આ કાર્યક્રમમાં ૧૩૦ સભ્યોએ રંગબેરંગી શુદ્ધ વસ્ત્રપરિધાન કરી હોંશેહોંશે ભાગ લીધો હતો.

પૂજા બાદ લગભગ ૧૨-૩૦ કલાકે સભ્યોએ એકઠા થઈ મધ્યાહ્ન ભોજન માણ્યું હતું. ખુશનુમા વાતાવરણમાં ફરી મળવાની અંતરએષણાએ સૌ વિખરાયા હતા. કાર્યકર્તાઓ તથા સભ્યોની મુખમુદ્રા પર કાર્યક્રમની સફળતાથી અવર્ણનિય આનંદની લહેરખી ફરકી રહી હતી.

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતમા આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના!

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશાશ્રીમાળી | ખેતરવસી (મહાદેવાની શેરી) | ભગવાનદાસ તારાચંદ શાહ | ૭૭ | મુંબઈ | ૧૭-૦૨-૧૨ | મહા વદ-૧૧ |
| વિશાશ્રીમાળી | કુંભારીયાપાડો | હંસાબેન કીર્તિકુમાર શાહ | ૬૮ | મુંબઈ | ૧૯-૦૨-૧૨ | મહા વદ-૧૩ |
| દશાઓસવાળ | કેશુશેઠનો પાડો | પંકજભાઈ ભરતચંદ્ર ખાંડવાળા* | ૫૧ | મુંબઈ | ૨૧-૦૨-૧૨ | મહા વદ-૩૦ |
| દશાશ્રીમાળી | ફોફલિયા વાડો (ચોધરીની શેરી) | મહેશભાઈ પ્રતાપચંદ શાહ (રાજકોટવાળા) | ૬૪ | મુંબઈ | ૨૬-૦૨-૧૨ | ફાગણ સુદ-૪ |
| વિશાશ્રીમાળી | વાસુપૂજ્યની શેરી | જયવંતકુમાર નેમચંદ શાહ (ગુંદરવાલા) | ૭૯ | મુંબઈ | ૨૯-૦૨-૧૨ | ફાગણ સુદ-૭ |
| વિશાપોરવાળ | અબજી મહેતાનો પાડો | પુષ્પાબેન હસમુખલાલ શાહ | ૭૬ | મુંબઈ | ૦૩-૦૩-૧૨ | ફાગણ સુદ-૧૦ |
| વિશાઓસવાળ | ઢંઢેરવાડો | લલીતાબેન જયંતીલાલ શાહ | ૯૪ | મુંબઈ | ૦૩-૦૩-૧૨ | ફાગણ સુદ-૧૦ |
| વિશાશ્રીમાળી | લીમડીનો પાડો(ખેતરવસી) | જશવંતલાલ (બચુભાઈ) મોહનલાલ શાહ* | ૭૫ | મુંબઈ | ૦૫-૦૩-૧૨ | ફાગણ સુદ-૧૨ |
| વિશાશ્રીમાળી | લીમડીનો પાડો | ભગવતીબેન સારાલાલ દેવડાવાલા | ૮૫ | મુંબઈ | ૦૭-૦૩-૧૨ | ફાગણ સુદ-૧૪ |
| વિશાશ્રીમાળી | ખેતરવસી (મહાદેવાની શેરી) | નિલેશભાઈ વિપિનચંદ્ર શાહ | ૪૪ | મુંબઈ | ૦૭-૦૩-૧૨ | ફાગણ સુદ-૧૪ |
| વિશાપોરવાળ | ઝવેરી વાડો | સનાલાલ જેસંગલાલ શાહ | ૯૫ | મુંબઈ | ૧૫-૦૩-૧૨ | ફાગણ વદ-૮ |
| દશાશ્રીમાળી | મારફતીયા મહેતાનો પાડો | નવીનચંદ્ર કાંતિલાલ શાહ* | ૭૫ | મુંબઈ | ૧૫-૦૩-૧૨ | ફાગણ વદ-૮ |

● *ચક્ષુદાન કરેલ છે. ● યુવાનીમાં રક્તદાન ● મૃત્યુ બાદ ચક્ષુદાન ● ત્વચાદાન ● અંગદાન ● દેહદાન કરો અને કરાવો

# સાભાર સ્વીકાર

## મંડળના વિવિધ ફંડો તથા પ્રવૃત્તિઓમાં સ્વૈચ્છિક આર્થિક ભેટ આપવા બદલ સર્વે શુભેચ્છકોનો હાર્દિક આભાર

**રીવોલ્વીંગ (એજ્યુકેશન) ફંડ (વ્યાજમુક્ત લોન)**

૧૦૦૦૦૦૦ ડૉ. મહેન્દ્રભાઈ ચંદુલાલ શાહ તથા ડૉ. લીલાબેન એમ. શાહ (લખીયારવાડો)

૫૦૦૦૦૦ શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ શાહ પરિવાર(કુંભારીયા પાડો) રમણલાલ શાહ (પ્રદીપકુમાર ઍન્ડ કાું.) ટ્રસ્ટ

**શ્રીમતી કુસુમબેન રસિકલાલ હિંમતલાલ શાહ (ડંક મહેતાનો પાડો) ટ્યુટોરિયલ કલાસ શિક્ષણ સહાય નિધિ ફંડ**

૨૦૦૦૦૦ શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ (ડંક મહેતાનો પાડો)

**સમાજ વિકાસ કોરપસ ફંડ**

૩૧૦૦૦ શ્રી વિનોદભાઈ હીરાલાલ શાહ (લાદીવાલા) (કનાસાનો પાડો)

**શૈક્ષણિક સહાય કોરપસ ફંડ**

૩૦૦૦૦૦ શ્રીમતી મોતીબેન લક્ષ્મીચંદ ખેમચંદ શાહ પરિવાર (મારફતીયા મહેતાનો પાડો)
હસ્તે : સ્વ. શ્રી પ્રતાપભાઈ, ડૉ. રમેશભાઈ, ડૉ. કીર્તિકુમાર, શ્રી કિશોરભાઈ, શ્રી પ્રવિણભાઈ, શ્રી અનિલભાઈ, શ્રી સુધીરભાઈ, સ્વ.જ્યોત્સનાબેન તથા નીલાબેન

**વિકલાંગ ઉત્કર્ષ કોરપસ ફંડ**

૧૦૦૦૦૦ શ્રી દિપકભાઈ જેશીંગલાલ શાહ(મનમોહનજીની શેરી) વિકલાંગ બાળકોના હૈદ્રાબાદ યાત્રા પ્રવાસ નિમિત્તે
હસ્તે : શ્રી હર્ષભાઈ દીપકભાઈ શાહ

**મેડીકલ / સિનિયર સિટિઝન / વિકલાંગ ઉત્કર્ષ કોરપસ ફંડ**

૧૦૦૦૦૦ સ્વ. શ્રીમતી રોહિતાબેન બિપીનભાઈ શાહના સ્મરણાર્થે
હસ્તે :શ્રી આશિતભાઈ બિપીનચંદ્ર શાહ (વખતજીની શેરી)

**શૈક્ષણિક સહાય / મેડિકલ સહાય કોરપસ ફંડ**

૫૦૦૦૦ શ્રી શિરીષભાઈ મફતલાલ શાહ (પંચોટી પાડો)

૫૧૦૦૦ શ્રી હર્ષલભાઈ મહેન્દ્રકુમાર શાહ HUF
હસ્તે :શ્રી બિજલભાઈ મહેન્દ્રકુમાર શાહ (મારફતીયા મહેતાનો પાડો)

**સિનિયર સિટીઝન / વિકલાંગ ઉત્કર્ષ કોરપસ ફંડ**

૧૦૨૦૦૦ શ્રી વિનીતભાઈ નવિનચંદ્ર શાહ (કોકાનો પાડો) શ્રીમતી મંજુલાબેન નવિનચંદ્ર મોહનલાલ શાહની ૭૫ વર્ષ પૂર્ણ થયાની ખુશાલીમાં

**મેડિકલ સહાય કોરપસ ફંડ**

૫૧૦૦૦ શ્રી બિજલભાઈ મહેન્દ્રકુમાર શાહ (મારફતીયા મહેતાનો પાડો)

૫૦૦૦૦ શ્રી શિરીષભાઈ મફતલાલ શાહ (પંચોટી પાડો)

**શ્રીમતી નિર્મળાબેન શાંતિલાલ રીખવચંદ શાહ સ્ત્રીઉદ્યમ તાલીમ ફંડ**

૭૨૦૦૦ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (કોકાનો પાડો)

**આર્થિક સહાય ભેટ**

૨૦૦૦૦૦ બાબુ સાહેબ નાનકચંદજી પૂરણચંદજી ટ્રસ્ટ (ખજુરીનો પાડો)

**દવા સહાય ભેટ**

૨૦૦૦૦૦ બાબુ જીવણલાલ પનાલાલ ટ્રસ્ટ (ખજુરીનો પાડો)

**વૃદ્ધજન સહાય / વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૨૨૦૦ શ્રીમતી પ્રતિભાબેન અશોકભાઈ સોનાવાલા (ચોધરીની શેરી)

**વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૩૦૦૦ શ્રીમતી મંજુલાબેન પ્રવિણચંદ્ર શાહ (લખીયારવાડો)

**શિક્ષણ સહાય ભેટ**

૨૦૦૦૦૦ પનાલાલ પૂનમચંદ ચેરિટેબલ ફંડ (ખજૂરીનો પાડો)

૧૧૧૧ ચિ. રીકીન કેતનકુમાર શાહ C. S. (Company Secretary) ની Final Exam, All India Level માં 6th Rank થી Pass થયેલ તે નિમિત્તે

૧૦૦૧ શ્રી મણિલાલ ગભરૂચંદ શાહ (મણીયાતી પાડો)
હસ્તે : શ્રી પ્રફુલ્લભાઈ મણિલાલ શાહ

૧૦૦૧ શ્રી નિપુણભાઈ રમણલાલ શાહ (શાંતિનાથની પોળ)
ચિ. હેનીશા નિપુણભાઈ શાહ C.S.પાસ થયાની ખુશાલીમાં

૫૦૧ શ્રી અશ્વિનભાઈ સેવંતીલાલ શાહ
ચિ. કેયુરના જન્મદિન તથા C.A.Interમાં પાસ થયાની ખુશાલીમાં

**લગ્ન પ્રસંગે ભેટ**

૧૦૦૧ શ્રી શરદભાઈ કંચનલાલ શાહ (કોકાનો પાડો)
ચિ. નેહાના લગ્ન નિમિત્તે

૧૦૦૧ શ્રી રાજેન્દ્રભાઈ રસિકલાલ શાહ (ચોધરીની શેરી)
ચિ. ભાવિશના લગ્ન નિમિત્તે

૫૦૧ શ્રી ભરતભાઈ કંચનલાલ શાહ ચિ. વિધિના લગ્ન નિમિત્તે

**હેલ્થકેર સાધન ભેટ**

૨૧૦૦૦ શ્રી હસમુખભાઈ મહાસુખલાલ શાહ (અબજીમહેતાનો પાડો)
હસ્તે : શ્રી બિમલભાઈ હસમુખભાઈ શાહ

૧૧૦૦૦ સ્વ. શ્રી ભોજરાજભાઈ હંસરાજભાઈ જૈન
હસ્તે : શ્રી સુધીરભાઈ ભોજરાજભાઈ જૈન

૧૦૩૦ શ્રીમતી કનકતારાબેન કેશવલાલ ઝવેરી

૧૦૦૦ શ્રી બાબુલાલ અમૃતલાલ મહેતા

૧૦૦૦ શ્રીમતી કંચનબેન કાંતિલાલ ઝવેરી (મણિયાતી પાડો)

૧૦૩૦ શ્રીમતી દમયંતીબેન એ. કાપડિયા

૧૦૩૦ શ્રી ઉન્મેશ જયવંતભાઈ શાહ (વાસુપૂજ્યની શેરી)

**શ્રુતજ્ઞાન ભેટ**

૧૧૧૧ ચિ. અ. સૌ. કાશ્મીરાબેન કેતનભાઈ શાહ, સ્વ. હસમુખલાલ ભોગીલાલ શાહના પુત્રવધૂની ઉપધાન તપની મોક્ષમાળ નિમિત્તે (ખેતરવસીનો પાડો)

**(પુન:પ્રકાશન) મેડિકલ / શૈક્ષણિક / સિનિયર સિટીઝન વિકલાંગ ઉત્કર્ષ/ શ્રુતજ્ઞાન પ્રદાન નિધિ ફંડ**

૧૦૧૦૦૦ શ્રી કીર્તિકુમાર જેશીંગલાલ શાહ (કુંભારીયા પાડો)
હસ્તે : શ્રી દિપકભાઈ કીર્તિકુમાર શાહ

**સમાજ વિકાસ ફંડ**

૧ ૫૦૦૦૦ શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)

૫૦૦૦૦ શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી (મનમોહનજીની શેરી)
શ્રીમતી હંસાબેન અને શ્રી રમેશચંદ્રના લગ્ન જીવનના ૫૦ વર્ષ પૂર્ણ થયાની ખુશાલીમાં

**શતાબ્દિ વર્ષ ઉજવણી**

૧૫૦૦૦ શ્રી મણિલાલ નાગરદાસ ધુપેલીઆ પરિવાર (કનાસાનો પાડો)
હસ્તે : શ્રી ભાવેશભાઈ ધુપેલીઆ

PATAN PRATIBIMB ● MARCH 2012 ● PRICE Rs. 2/- ● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25 or 26 of every month.
Regd. No. MH / MR/ South–135 / 2012-14

Extending helping hand in the education, selfreliance & medical requirements of the needy members of the society with the co-operation of sincere, elite, affluent & compassionate donors of the community

## SHREE PATAN JAIN MANDAL

## SAMAJ VIKAS FUND

A NOVEL & UNIQUE CONSTRUCTIVE APPROACH

### MUKHYA DATA

- Babu Panalal Poonamchand Charitable Trust, Khajurino Pado
- Babu Saheb Nanakchandji Pooranchandji Trust, Khajurino Pado
- Babu Jivanlal Panalal Trust, Khajurino Pado
- Smt. Gunvantiben Pravinchandra Keshrichand Shah, Dhandhervado
- Smt. Hasumatiben Rameshchandra Bapulal Shah, By : Shrimati Moniakben Sanjaybhai Shah, Dank Mahetano Pado
- Shri Harsukhlal Bapulal Shah and Shrimati Rasilaben Harsukhlal Shah, By : Shri Nirmalbhai, Shri Anilbhai, Shri Jayeshbhai & Shri Shirishbhai, Lakhiyar Vado/Kanasano Pado
- Smt. Gulabben Ramanlal Shah, Vakhatjini Sheri By : Shri Hitenbhai Pravinchandra Shah
- Smt. Nirmalaben Ravindrabhai Mohanlal Shah, Khajurino Pado
- Shri Mafatlal Chudghar Cheritable Trust, Chodhrini Sheri
- Shri Virendrabhai Popatlal Shah, Mallatno Pado
- Smt. Kusumben Rasiklal Himatlal Shah, Dank Mahetano Pado By : Shrimati Kalpnaben, Shrimati Ashaben, Shrimati Meetaben
- Shri Kirtilal Somchand Shah, Kokano Pado
- Shri Sevantilal Kantilal Trust, Kumbhariya Pado
- Smt. Hansaben Rameshchandra Popatlal Shah, By: Shri Jitenbhai, Kanasano Pado
- Smt. Vasumatiben Sevantilal Shah, Chitarani Khadki
- Smt. Hansaben Manharbhai Keshavlal Shah, By : Shri Shrenikbhai Manharlal Shah, Lakhiyarvado
- Smt. Lilavatiben Panalal Manilal Shah, Vasavado
- Smt. Subhdraben Ramanlal Shah, Cheritable Trust, Kumbhariya Pado
- Smt. Bhagvatiben Vinodchandra Matliwala, By: Shri Daneshbhai, Kanasano Pado
- Shri Deepakbhai Champaklal Jhaveri (Manmohanjini Sheri)By: AashishJhaveri

### ADHARSTHAMBH DATA

- Smt. Subhdraben Bhogilal Zaveri (Saheba), Chodhrini Sheri
- Smt. Kusumben Amrutlal Shah, Kapoor Mahetano Pado
- Shri Hitenbhai Champaklal Shah (Vimawala), Khetarvasi
- Shri Pravinchandra Vrujlal Shah (Mantri) By: Shri Viresh Pravinchandra Shah, Kanasano Pado
- Shri Ashokbhai Popatlal Shah, By: Shri Chiragbhai, Kanasano Pado
- Shri Hemantbhai Kantilal Salvi, Salvi Vado
- Shri Shantilal Rikhavchand Shah, Kokano Pado
- Late Smt. Jinbalaben Hasmukhlal Shah By: Smt. Kanakben Ketanbhai Shah, Dhandhervado
- Shri Navinbhai Nemchandbhai Shah (Gunderwala), Vasupujyani Sheri
- Smt. Sarlaben Vijaybhai Hiralal Shah, Kasumbiyavado
- Shri Keshrichand Jeshinglal Shah, Dhandhervado
- Shri Navinchandra Khubchand Shah, Dhandhervado
- Shri Rameshchandra Chhabildas Zaveri, Manmohanjini Sheri
- Smt. Pushpaben Sevantilal Shah, Dank Mahetano Pado
- Shri Sudhirbhai Navinchandra Shah, Marfatiya Mahetano Pado
- Shri Mahasukhlal Keshavlal Shah, By: Shri Pankajbhai, Shri Rohitbhai, Shri Bharatbhai (Marfatiya Mahetano Pado)

## LAND AND BUILDING FUND

**Late Smt. Gitaben Rakeshbhai Shah - Rs. 2 Crores**

## REVOLVING FUND : *Target Rs. 5 Crores*

**To provide interest free Educational Loan**

| DONOR | Donation In 5 Yrs. |
|---|---|
| **Smt. Subhadraben Ramanlal Popatlal Shah,** Kumbhariya Pado | **Rs. 25 Lakhs** |
| **Smt. Bhagwatiben Vinodbhai Matlivala,** Kanasano Pado by Shri Daneshbhai, Shri Bhagyeshbhai, Shri Sukeshbhai, Shri Dhirenbhai | **Rs. 25 Lakhs** |
| **Babu Panalal Punamchand Charitable Fund,** Khajurino Pado | **Rs. 15 Lakhs** |
| **Dr. Mahendrabhai Chandulal Shah & Dr. Lilaben M. Shah,USA (Lakhiar Wado)** | **Rs. 10 Lakhs** |
| **Smt. Kanchanben Kantilal Jhaveri** (Maniyati Pado) by Smt. Neenaben, Smt. Kalpanaben. | **Rs. 5 Lakhs** |

For studies in India, Shree Patan Jain Mandal shall provide interest free Educational loan up to Rs. 2 lakhs to deserving PATANI students for their higher studies and high cost specialised courses.

## MEMORIAL FUND

MOST WELCOME & WORTH FOLLOWING DONATION MADE THROUGH THE WILL

| Name of the donor | Amount of donation |
|---|---|
| ● Smt. Pannaben Kapoorchandbhai Sonawala, Manmohanjini Sheri | **Rs. 8 Crores** |
| ● Smt. Nirmalaben (Deviben), Shamlaji ni Sheri. In memory of Late Shri Dhirajlal Popatlal Shah | **Rs. 10 Lakhs** |

The donors donating in **MEMORIAL FUND** through their will -- it can be utilised for special activites of the **MANDAL**

### SAHAYAK DATA

- Shri J. K. Shah, Bhabhano Pado
- Shri Pradipbhai Laxmichand Zaveri, Kobe-Japan
- Shri Kanchanlal Vadilal Shah, Manmohanjini Sheri
- Shri Navinchandra Chimanlal Maniyar, Chodhrini Sheri
- Shri Rameshbhai Sanalal Shah, Mallatno Pado
- Late Smt. Nirmlaben Chandrakant Shah, Polni Sheri
- Shri Vardhmanbhai Nagindas Shah, Kesushethno Pado
- Late Dr. Jayantilal Manilal Patni, Manmohanjini Sheri
- Shri Bhagwandas Poonamchand Shah, By: Manishbhai Bhagwandas Shah (Madras), Kanasano Pado
- Shri Vinodbhai Hiralal Shah (Ladiwala), Kanasano Pado
- Smt. Vimlaben Bhogilal Shah (Jafujiwala), Tamboli Vado
- Shri Jitendrabhai Manilal Shah, Bhabhano Pado
- Late Shri Pratapchand Bhaichand Salvi, Salviwado
- Smt. Virmatiben Pratapchand Salvi, Salviwado
- Smt. SushilabenVarjivandas Shah, Khajurino Pado
- Shri Anilbhai Mahasukhlal Shah, Kokano Pado

### SHUBHECHHAK DATA

- Shri Krishitbhai Bhaveshbhai Devendrabhai Shah, By : Shri Devendrabhai Bhogilal Shah, (Jafujiwala), Tamboli Vado

Edited,Printed & Published by Bhartiben Bhagubhai Shah on behalf of Shri Patan Jain Mandal and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.